Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

HAPPY दशहरा

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય    તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૭ અંક : ૨૬૩ જૂનાગઢ તા.૨૪-૧૦-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 263, Junagadh : Date : 24 October, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## ભયાનક વિશ્વ યુધ્ધનો ખતરો : ચીને અરબી સમુદ્રમાં ૬ યુધ્ધ જહાજ મોકલ્યા : ઈરાન સહિત ૫૭ દેશોએ ધમકી આપી

નવી દિલ્હી, તા.૨૪: છેલ્લા ૧૭ દિવસથી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલનો બોમ્બમારો બંધ થઈ રહ્યો નથી. ઈઝરાયેલ જે રીતે ગાઝા પર બોમ્બમારો કરી રહ્યું છે તે જોતા આ યુદ્ધ વિશ્વયુદ્ધમાં ફેરવાઈ જશે તેવી આશંકા છે. ઈરાનથી લઈને મધ્ય પૂર્વના ૫૭ દેશોએ ધમકી આપી છે કે જો ઈઝરાયેલની સેના ગાઝા પટ્ટીમાં પ્રવેશ કરશે તો યુદ્ધના નવા મોરચા ખુલશે. હવે એવા સમયે જ્યારે ઈઝરાયેલની સેના ગાઝા સરહદમાં ઘૂસી ગઈ છે. તો શું મહાયુદ્ધ વિશેની અટકળો સાચી સાબિત થઈ શકે છે ?

ગાઝામાં ઈઝરાયેલના પ્રવેશ બાદ પ્રથમ વખત તેની હમાસ સાથે જમીની અથડામણ થઈ હતી. હમાસે ઈઝરાયલી સૈનિકો પર એન્ટી ટેન્ક મિસાઈલ પણ છોડી છે. ઈઝરાયેલ સમજી રહ્યું છે કે મધ્ય પૂર્વમાં યુદ્ધના મોરચા કયાંથી ખુલી શકે છે. આ જ કારણ છે કે ઈઝરાયેલે સીરિયા પર પણ હુમલો કરવાનું શરૂ કર્યો છે. સીરિયાનું કહેવું છે કે ઈઝરાયેલના હુમલાને કારણે તેને દમાસ્કસ અને અલેપ્પોમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બંધ કરવાની ફરજ પડી છે. આ દરમિયાન ઈરાન સહિત મધ્ય પૂર્વની યોજનાઓ પર પણ અટકળો શરૂ થઈ ગઈ છે.

મધ્ય પૂર્વના તમામ ૫૭ મુસ્લીમ દેશોમાં ઈઝરાયેલ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. એવી આશંકા છે કે યુદ્ધની આ ચિનગારી વિશ્વને એક મહાયુદ્ધની આગમાં ફેંકી શકે છે. ગાઝા-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે વિશ્વની મહાસત્તાઓ સામસામે આવીને ઊભી છે. છેલ્લા ૭૨ કલાકમાં અમેરિકા, ચીન અને રશિયાની રાજદ્વારી ઘટનાઓ પર નજર કરીએ તો વિશ્વ યુદ્ધના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. જો પરિસ્થિતિ વણસે તો યુદ્ધ અટકાવશે કોણ ? કારણ કે હવે ચીન અને રશિયા પણ આ યુદ્ધમાં ઉતર્યા છે. યુદ્ધની વચ્ચે અમેરિકા બાદ હવે ચીનના એક-બે નહીં પરંતુ ૬ યુદ્ધ જહાજો બેકઅપ માટે અરબી સમુદ્રમાં પહોંચ્યા છે. અરબી સમુદ્રમાં ચીનના ૬ યુદ્ધ જહાજોની હાજરીથી વિશ્વમાં તણાવ વધી ગયો છે.

### આજે દશેરા નિમિતે નાગપુરમાં RSS ની રેલીને સંઘ સુપ્રિમોનું સંબોધન

## દેશ પ્રગતિ કરી રહયો છે : કોઈની નકલ કરવાની જરૂર નથી, આપણો માર્ગ આપણે જ બનાવવાનો છે : મોહન ભાગવત

નાગપુર, તા.૨૪: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો વાર્ષિક 'વિજયાદશમી ઉત્સવ' કાર્યક્રમ આજે મહારાષ્ટ્રના નાગપુરમાં કાર્યકરોના 'પથ સંચલન' સાથે શરૂ થયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર રહયા હતા.

વિજયાદશમીના અવસર પર, નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલયમાં સ્થાપના દિવસ અને શસ્ત્ર પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગપુરના રેશિમબાગ મેદાનમાં આયોજિત આ કાર્યક્રમમાં સંઘના વડા મોહન ભાગવતે લોકોને સંબોધતા કહ્યું કે ભારતે વિશ્વના મહત્વપૂર્ણ દેશોમાં સ્થાન મેળવ્યું છે. આ વખતે એશિયન ગેમ્સમાં અમારા ખેલાડીઓએ ૧૦૭ મેડલ જીત્યા છે. આપણો દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં અમે ૧૦મા સ્થાનેથી વધીને પાંચમા સ્થાને પહોંચ્યા છીએ. આપણે માત્ર ટેકનોલોજીમાં જ નહીં, પણ કૃષિ અને અન્ય ક્ષેત્રોમાં પણ પ્રગતિ કરી રહ્યા છીએ.

સંઘ પ્રમુખે વધુમાં કહ્યું કે આપણા દેશમાં ઘણી વિવિધતા છે અને વિવિધતામાં એકતા કેવી રીતે આવી શકે તેનો કોઈ આધાર નથી. યુદ્ધ પર વાત કરતાં તેમણે કહ્યું કે કટ્ટરતા ગાંડપણ તરફ દોરી જાય છે. યુદ્ધો ચાલુ રહે છે. તેનો કોઈ ઉકેલ હોય તેમ લાગતું નથી. આપણો દેશ પ્રગતિ કરી રહ્યો છે, આત્મવિશ્વાસ વધી રહ્યો છે. જો આપણે દુનિયાને રસ્તો બતાવવો હોય તો આપણે કોઈની નકલ કરવાની જરૂર નથી. આપણે આપણો રસ્તો બનાવવાનો છે. આપણે વિશ્વને એક સફળ પ્રયોગ આપવાનો છે. તેમણે કહ્યું કે ભારતમાં કેટલાક એવા લોકો છે જે નથી ઈચ્છતા કે ભારત ઊભું રહે. તેઓ અલગતા અને સંઘર્ષને રોકવાનો પ્રયાસ કરે છે.

મોહન ભાગવતે લોકોને દશેરાની શુભકામનાઓ પાઠવી તેમણે કહ્યું કે, અમે દર વર્ષે વિજયાદશમીને શકિત પર્વ તરીકે ઉજવીએ છીએ. આ વર્ષે આ તહેવાર આપણા બધા માટે ગર્વ, આનંદ અને પ્રોત્સાહક ઘટનાઓ લઈને આવ્યો છે.

ભારતની અનોખી વિચારસરણી અને દ્રષ્ટિને કારણે જ આપણી પાસે 'વસુધૈવ કુટુંબકમ' છે. માર્ગદર્શક સિદ્ધાંત હવે સમગ્ર વિશ્વની ફિલસૂફીમાં વણાઈ ગઈ છે. આ સમસ્યાને દૂર કરવા માટે વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે.

## બિહારનાં ગોપાલગંજમાં દુર્ગા પુજાનાં મેળા દરમ્યાન ભાગદોડ : ૩ મોત : સંખ્યાબંધ ઘાયલ

ગોપાલગંજ, તા.૨૪: બિહારના ગોપાલગંજમાં દુર્ગા પૂજા મેળામાં ભાગદોડ મચી ગઈ હતી, જેમાં એક બાળક અને બે મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા છે.

મૃતકોમાં એક બાળક અને બે મહિલાઓનો સમાવેશ થાય છે, જ્યારે એક ડઝન લોકો ઘાયલ થયા છે. આ ઘટના શહેરના સુગર મિલ રોડ પર આવેલી રાજા દાળ પાસે બની હતી. ઘાયલ લોકોની સદર હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે. મૃતકોની ઓળખ મઝાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના સનાહ મઠિયા ગામના રહેવાસી દિલીપ રામના પુત્ર આશ કુમાર (૫), કુચાયકોટ પોલીસ સ્ટેશન વિસ્તારના સાસામુસા ગામના રહેવાસી સ્વર્ગસ્થ રવિન્દ્ર શાહની પત્ની ઉર્મિલા દેવી (૫૫) તરીકે થઈ છે. નગર પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી ભેજ શર્માની પત્ની શાંતિ દેવી, જ્યારે ઘાયલોમાં શુભમ કુમાર (૫ વર્ષ)ની હાલત અત્યંત ગંભીર છે. ડોકટરોએ તેને સારી સારવાર માટે ગોરખપુર રીફર કરેલ છે. જ્યારે રાની કુમારીની સારવાર સદર હોસ્પીટલમાં ચાલી રહી છે. ભારે ભીડ અને નાસભાગને જોતા જિલ્લા પ્રશાસને હાલમાં દેવી દુર્ગાના દર્શન પર રોક લગાવી દીધી છે.

## દેશભરમાં દશેરાની ઉજવણી : આજે રાત્રે ઠેરઠેર રાવણ દહનનાં કાર્યક્રમો : રૂપાલમાં ઘીની નદીઓ વહેતી થઈ

નવી દિલ્હી તા. ૨૪

દેશભરમાં આજે દશેરાની ઉજવણી થઈ રહી છે. નવરાત્રીનાં ૯ દિવસની પુજા, આરાધના બાદ દશેરાની ઉજવણી કરવામાં આવે છે. આજે ઠેર ઠેર રાવણદહનનાં કાર્યક્રમો યોજાઈ રહયા છે. ગુજરાત, દિલ્હી, પંજાબમાં રાવણ દહનનાં કાર્યક્રમોનું વિશેષ મહત્વ અને ઉત્સાહ હોય છે. આજે દશેરા નિમિતે ગાંધીનગર જિલ્લાનાં રૂપાલ ગામમાં વરદાયિની માતાજીની પલ્લી ભરાઈ હતી. જેના દર્શનનો લ્હાવો લેવા હજારો લોકો ઉમટ્યા હતા. વરદાયીની માતાજીની પલ્લી છેલ્લા ૫ હજાર વર્ષથી કાઢવામાં આવે છે. આ પલ્લી મહોત્સવ વિશ્વભરમાં વિખ્યાત છે. જ્યાં આસ્થાના દર્શન થાય છે. માતાની પલ્લી મંદિરથી નીકળીને ગામના ૨૭ ચોકમાંથી પસાર થઈ હતી.

આ દરેક ચોકમાં પલ્લી પર ઘી રેડાતું રહ્યું છે. હજારો કિલો ઘી પલ્લીનાં માર્ગ પર રેડવામાં આવે છે અને ઘીની નદીઓ વહે છે. આ માટે ગામમાં આવેલ માતાના સ્થાનકને રોશનીથી સજાવાય છે. નવરાત્રિના પહેલા દિવસે ઘટ સ્થાપનાની સાથે માતાના જવેરા વાવવામાં આવે છે. જે બાદ નોમના દિવસે રાત્રે પલ્લી નીકળે છે.

## દેશમાં વિજળી ડુલ થવાનું જોખમ : ૮૬ થર્મલ પાવર પ્લાન્ટમાં કોલસાની તિવ્ર અછત

નવી દિલ્હી, તા.૨૪: દેશમાં અનેક વિસ્તારોમાં બત્તી ગુલ થઈ જવાની શકયતા જણાઈ રહી છે. દેશમાં ઓછામાં ઓછા ૮૬ થર્મલ પાવર પ્લાન્ટ્સની પાસે ૧૮ ઑક્ટોબર સુધીમાં કોલસાનો જથ્થો ચિંતાજનક રીતે ખૂબ જ ઓછો હતો. એમાંથી ૬ પાવર પ્લાન્ટ આયાત કરવામાં આવેલા કોલસા પર આધારિત છે. સેન્ટ્રલ ઈલેકટ્રિસિટી ઑથોરિટી (સીઈએ)ના એક રિપોર્ટમાં આ જાણકારી બહાર આવી છે. પાવર પ્લાન્ટ્સની બાબતમાં એવી સિચુએશનને કોલસાનો ગંભીર રીતે ખૂબ જ ઓછો જથ્થો ગણે છે કે જ્યારે સ્ટાન્ડર્ડ લેવલ કરતાં કોલસા જેવા ડ્રાય ફયુઅલનો જથ્થો ૨૫ ટકા કરતાં ઓછો હોય. સીઈએના ૧૮ ઑક્ટોબર, ૨૦૨૩ માટેના ડેઈલી કોલ રિપોર્ટ અનુસાર દેશમાં મૉનિટર કરવામાં આવેલા ૧૮૧માંથી ઓછામાં ઓછા ૮૬ થર્મલ પાવર પ્લાન્ટ્સની પાસે કોલસાનો જથ્થો ચિંતાજનક રીતે ઓછો છે. કોલસાની શૉર્ટેજની ચિંતાજનક સ્થિતિ છે. પંજાબમાં જીવીકે પ્લાન્ટ ઑલરેડી કોલસાની શૉર્ટેજની સમસ્યાને કારણે બંધ થયો છે. તલવંડી સાબો ખાતે પાવર પ્લાન્ટના તમામ ત્રણ યુનિટ્સની પાસે માત્ર બે દિવસ ચાલે એટલો સ્ટૉક બચ્યો છે. (૨) રાજસ્થાનમાં તમામ સાત થર્મલ પ્લાન્ટ્સની પાસે માત્ર ૨થી ૧૪ ટકા જેટલો ઓછો કોલસાનો જથ્થો છે. (૩) પશ્ચિમ બંગાળમાં ૬ પ્લાન્ટ્સ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં ત્રણ-ત્રણ પ્લાન્ટ્સ પણ કોલસાની શૉર્ટેજ છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી લિખિત ગરબા પર રાજકોટમાં ૧ લાખ લોકો ઝુમશે : ત્રણ વર્લ્ડ રેકોર્ડ સર્જાશે

રાજકોટ તા.૨૪: રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો છે અને આગામી શરદપૂનમ સુધી ગરબાનો જ માહોલ જળવાયેલો રહેવાનો હોય તેમ રાજકોટમાં અભૂતપૂર્વ કાર્યક્રમ યોજાનાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લીખીત ગરબા પર રાજકોટમાં એક લાખ લોકો રાસો રમશે અને તેના ગીનીસ સહિત ત્રણ વર્લ્ડ રેકોર્ડ સર્જાશે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તથા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી સહિતના આગેવાનો હાજર રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માતાજીની ભક્તિ-આરાધના જાણીતા છે. વડાપ્રધાન મોદીએ માતાજીની ભક્તિને ઉજાગર કરતો એક ગરબો લખ્યો હતો તેને નવરાત્રીના આગલા દિવસે રિલીઝ કરવામાં આવ્યો હતો. સીંગર ધ્વનિ ભાનુશાળીના સૂર-અવાજમાં સંગીતકાર તનિષ્ક બળચીએ સંગીતમય ઢાળ આપ્યો હતો. વડાપ્રધાન મોદી લિખિત 'ગરબો' ધ્વનિ ભાનુશાળીના કંઠ સાથે રીલીઝ કરાયા બાદ ખુદ વડાપ્રધાને ટવીટ કરીને પ્રશંસા કરી હતી.

ઓમ કેરીયર એકેડેમી
તમામ સરકારી ભરતી માટેના માર્ગદર્શન વર્ગો
GPSC, PSI, તલાટી, સચિવાલય
સેમીનાર તા. ૦૧-૧૧-૨૦૨૩
સમય : સવારનાં ૧૦ થી ૧.૦૦
રજીસ્ટ્રેશન માટે નામ નોંધાવવું જરૂરી છે
સ્થળ : કનેરીયા શોપીંગ સેન્ટર, મોતીબાગ સામે, જૂનાગઢ. મો. ૯૯૨૫૫ ૦૦૩૬૬


ખોડલધામ ટુર
સ્લીપર બસ દ્વારા
તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક

ડો. દુષ્યંત ચૌહાણ
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેકિસલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ
:: સ્પેશ્યાલીટી ::
● ડહાપણ દાઢની સારવાર
● મોં અને જડબાનાં ફેકચરની સારવાર
● તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
● મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
● જડબાનાં સાંધાની સારવાર
● ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીકસ કરી દાંત બેસાડવા
૨૦૧૬થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક
આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફ્લોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯


મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

હાર્દિક શુભેચ્છા...
કે.આર. એજયુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત
સંચાલક : નરસિંહભાઈ કે. માંડવીયા
ન્યુ બેસ્ટ હાયર સેકન્ડરી સ્કૂલ
રેલ્વે ઈન્સ્ટી. પાછળ, પુષ્પક સોસાયટી, જોષીપુરા, જૂનાગઢ
ધો.૧ થી ૧૦ સુધી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
ધો. ૧૧ તથા ૧૨ ગુજરાતી માધ્યમ
(સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ)
રેલ્વે લાયબ્રેરી પાસે, જોષીપુરા, જૂનાગઢ. ફોન : ૨૬૩૧૨૬૭

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી ખૂબ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પલેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

દશેરાનાં તહેવાર નિમિતે ફરસાણ તથા મીઠાઈનાં ભાવમાં જંગી ઘટાડો
ફરસાણ ૧ કિલોનાં રૂા. ૧૬૦/-
ફાફડી ગાઠીયા ૧ કિલોનાં રૂા. ૧૮૦/-
મિક્સ મિઠાઈ ૧ કિલોનાં રૂા. ૧૮૦/-
દૂધની મીઠાઈ ૧ કિલોનાં રૂા. ૨૪૦ થી ૩૬૦/-
ખાજલી ૧ કિલોનાં રૂા. ૧૮૦/-
સાટા ૧ કિલોનાં રૂા. ૧૬૦/-
દશેરાનાં દિવસે આખો દિવસ લાઈવ ફાફડા તથા જલેબી મળશે

(ઠા. મનસુખભાઈ લુશાળા વાળા) દિપક એમ. રૂપારેલીયા
જલારામ ફરસાણ એન્ડ ડેરી ફાર્મ
એમ.જી. રોડ, ડો. પી.જે. બુચ સાહેબની બાજુમાં, જૂનાગઢ. મો. ૯૪૨૭૭ ૪૧૪૨૪

# જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી














## ગઈકાલે જૂનાગઢના ડીવાયએસપી હિતેષ ધાંધલીયા તથા પીએસઆઈ વી.કે.ઉંજીયાનું ભાવભર્યુ સ્વાગત કરાયું : ગરબીના સેવાભાવી કાર્યકર્તાઓનું પણ સન્માન કરાયું

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રીની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી રહી છે. દરમ્યાન ગાંધીગ્રામ ગરબી મંડળની બાળાઓના સુંદર મજાના રાસ ગરબાએ ભક્તિભાવભર્યુ વાતાવરણ સર્જી દીધું છે. અને માતાજીની આરાધના, દુહા, છંદ અને ગરબાની રમઝટ બોલી રહી છે. ગઈકાલે જૂનાગઢના ડીવાયએસપી હિતેષ ધાંધલીયાએ ગાંધીગ્રામ ગરબી મંડળની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા અને આરતીનો લ્હાવો લીધો હતો.જયાં તેઓનું ભાવભર્યુ સ્વાગત કરવામાં આવેલ હતું. આ ઉપરાંત સી ડીવીઝન પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ વી.કે.ઉંજીયાનું પણ સન્માન કરવામાં આવેલ હતું. અને માતાજીના દર્શનનો લાભ લીધો હતો. આ ઉપરાંત ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા ગરબી મંડળમાં સેવા આપી રહેલા નાથાભાઈ આહિર તેમજ અન્ય સેવાભાવી કાર્યકર્તાઓનું સન્માન અને બહુમાન કરવામાં આવેલ હતું.

જૂનાગઢ શહેરનાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ ગરબી છેલ્લા ૬૫ વર્ષથી કરવામાં આવે છે. લોક સાહિત્યકાર ભીખુદાનભાઈ ગઢવી તેમજ જગદીશભાઈ વસાવડા અને ડાયાભાઈ દરજી તેમજ રાજયગુરૂએ ગરબીનું સ્થાપન કરેલ છે. આ ગરબીમાં ૩૦૦થી ૩૧૫ જેટલી બાળાઓ રાસ રમે છે. અને બાળાઓ પાસેથી ટોકન ફી એક રૂપિયો લેવામાં આવે છે. તેમજ બહારનાં વિસ્તારની બાળાઓ પાસેથી રૂા. ૧૦૧ ફાળા પેટે લેવામાં આવે છે. આ ગરબી મંડળનું સંચાલન ૨૦૦૦ની સાલથી ગાંધીગ્રામ ગરબી મંડળ સંભાળી રહેલ છે. સર્વશ્રી વીરાભાઈ મોરી, મહેશભાઈ દવે, નાથાભાઈ આહીર, ડાયાભાઈ મોરી, કેતનભાઈ બામરોટીયા, મેહુલભાઈ કોઠારી, મનસુખભાઈ હડીયલ, ભાવેશભાઈ મોરી, શાહરૂખભાઈ મકવાણા, મેણસીભાઈ વાજા, મજીદભાઈ ચૌહાણ, પ્રફુલભાઈ શાહ, નવનીતભાઈ માંડલીયા, મીતભાઈ કોડીયાતર, યુવા કાર્યકર્તાઓ યશભાઈ જોટાણીયા, ક્રીસભાઈ ચૌહાણ, યશરાજભાઈ ગઢવી વગેરે સેવા આપે છે. જયારે કાર્યકર્તા બહેનોમાં કુસુમબેન મહેતા, બંસીબેન નંદાણીયા, કોમલબેન બામરોટીયા, શીતલબેન મોરી, પુરીબેન કરમટા, હીનાબેન કરમટા, સોનલબેન માળી, વૃંદાબેન ત્રિવેદી વગેરે સેવા આપે છે. જયારે કલાકારો તરીકે મુકેશભાઈ બારોટ, દિવાબેન લાંબા, આયુષભાઈ ડાભી અને ઓરકેસ્ટ્રામાં ભીખુભાઈ ઢોલી, માઈક નિલેશભાઈ મિસ્ત્રી, મંડપ સર્વિસ, ખીમભાઈ સોમાઈ મંડપ સર્વિસ વગેરે સેવા આપે છે. ગાંધીગ્રામ વિસ્તારનાં લોકોનાં સહયોગ સાથે ગાંધીગ્રામ ગરબી મંડળનાં તમામ કાર્યકર્તાઓ દ્વારા શકિતની આરાધનાના પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે અને ગરબી મંડળની મુલાકાતે મહાનુભાવો તેમજ પદાધિકારીઓ આવી રહયા છે અને ગરબી મંડળની સુંદર વ્યવસ્થાઅને ભાવભક્તિભર્યુ વાતાવરણની નિહાળી પ્રભાવિત થઈ રહયા છે. અહીં ગરબો ઘુમતી બાળાઓ દ્વારા લેવાતા રાસ ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

# જૂનાગઢમાં આગામી શુક્રવારે જુલુસે ગોષીયાનું આયોજન

જૂનાગઢ તા. ૨૪

આગામી શુક્રવારનાં રોજ પીરાને પીર ગૌષે આઝમની યાદમાં આગામી તા. ૨૭-૧૦-૨૩ શુક્રવારનાં રોજ બપોરનાં ૨-૩૦ કલાકે નીકળનાર જુલુસ બાબતે ખાનકાહે રઝવિયાહ ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુલુસ દરમ્યાન ખાસ તકેદારી રાખવી અકસ્માતની શકયતા નિવારવા કોઈપણ મોટા વાહનો નહી લાવવા જયારે ડીજે પર પોલીસ તંત્ર દ્વારા સંપૂર્ણ પ્રતિબંધિત હોય ડીજે સામેલ ના કરવા છતાં કોઈ મંડળ કે વ્યકિત તેનું ઉલ્લંઘન કરશે અને પોલીસ અટક કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેમની વ્યકિતગત રહેશે. આયોજકોની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

આ જુલુસ રાબેતા મુજબનાં રૂટ પરથી બપોરનાં ૨.૩૦ કલાકે શરૂ થઈ વાલીએ સોરઠથી લઈ સુખનાથ ચોક, જેલ રોડ, કોર્ટ રોડ, ચિત્તાખાના ચોક, ઝાલોરાપા થઈ ઉધીવાડા ખાતે સંપન્ન થશે. આ જુલુસમાં સામેલ થનાર દરેક કમીટી, ગૃપ, મંડળનાં પ્રતિનિધિએ પોતાના નામ, આધારકાર્ડની નકલ, મોબાઈલ નંબર તેમજ ફલોટ વાહનની વિગત સાથે તંત્રની ગાઈડલાઈન મુજબ નોંધણી કરાવવી ફરજીયાત છે. નોંધણી કરાવનાર જ જુલુસમા સામેલ થઈ શકશે તેમ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વિજયાદશમીની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર તા.૨૪

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમી પર્વની સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીએ નાગરિકોને દશેરાની શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, વિજયાદશમીનું આ પર્વ આસુરી શક્તિ પર દૈવી શક્તિનાં વિજયનું ઉમંગપર્વ છે. મનુષ્યમાં રહેલા દુર્ગુણરૂપી આંતરિક શત્રુઓ તથા નકારાત્મક ઊર્જા પર વિજય પ્રાપ્ત કરવાનું પણ આ પર્વ છે.

મુખ્યમંત્રીએ વિજયાદશમી પર્વ સમાજમાં સદભાવના-સમરસતા સૌહાર્દ, પરસ્પર પ્રેમ તથા બંધુતા અને સૌના સાથ સૌના વિકાસની નેમ પાર પાડનારૂં બને તેવી અપેક્ષા પણ વ્યકત કરી છે.

# ફ્રોઝન ફૂડ ખાવાથી અનેક જીવલેણ બીમારીઓ થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨૪

લાંબા સમય સુધી અથવા વધુ માત્રામાં ફ્રોઝન ખોરાક લેવાથી ઘણા ખતરનાક રોગો થઈ શકે છે. આજકાલ લોકોની વ્યસ્ત લાઈફને કારણે ફ્રોઝન અને પેકેજડ ફૂડનું ચલણ વધ્યું છે. પરંતુ તેમાં ટ્રાન્સ ચરબી અને વધુ સોડિયમ હોય છે. જે આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી ફ્રોઝન ખોરાક ખાવાથી કેન્સરનું જોખમ વધી જાય છે. દરરોજ ફ્રોઝન મીટ ખાવાથી પેટના કેન્સર એટલે કે સ્વાદુપિંડનું કેન્સર થવાનું જોખમ વધી જાય છે. જયારે આપણે ફ્રોઝન ફૂડ ખાઈએ છીએ ત્યારે આ સ્ટાર્ચ શરીરમાં ગ્લુકોઝમાં રૂપાંતરિત થાય છે.આ ગ્લુકોઝની વધુ પડતી બ્લડ સુગર લેવલ વધે છે. ફ્રોઝન ફૂડમાં કેલરી અને ચરબી વધારે હોય છે. તેનું સેવન કરવાથી વજન વધવાની સમસ્યા થઈ શકે છે. ફ્રોઝન ફૂડ ખાધા પછી, શરીરને ઝડપથી ભૂખ લાગે છે જેના કારણે વધારાની કેલરીનો વપરાશ થાય છે. તે સ્થૂળતા અને ઝડપી વજનનું કારણ બની શકે છે. આપણે ફ્રોઝન ફૂડનું સેવન મર્યાદિત માત્રામાં જ કરવું જોઈએ. ફ્રોઝન ફૂડમાં ટ્રાન્સ ફેટનું પ્રમાણ વધુ હોય છે જે કોલેસ્ટ્રોલનું સ્તર વધારે છે. ટ્રાન્સ ફેટનું સેવન કરવાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધે છે અને સારા કોલેસ્ટ્રોલની માત્રા ઓછી થાય છે. ખરાબ કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયની બીમારીઓ થઈ શકે છે. જેના કારણે ધમનીઓમાં ભીડ થાય છે અને હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે. આપણે ફ્રોઝન ફૂડનું સેવન મર્યાદિત માત્રામાં કરવું જોઈએ.

### :: અવસાન નોંધ ::

દશા સોરઠીયા વણિક મૂળ ઢાંક હાલ જૂનાગઢ જયસુખલાલ હેમતલાલ કુરાણી (ઉ.વ.૮૨)તે સ્વ.લક્ષ્મીકાંત, લલિતચંદ્ર, મુકુન્દરાય, વિનોદ રાય તથા રેખાબેન મનસુખલાલ ચોકસીના ભાઈ, પુર્વેશ, મયુર , ભાવિનના મોટા બાપુજીનુ તા.૨૩ ઓક્ટોબરના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે તેઓનું ચક્ષુદાન તથા દેહદાન કરેલ છે.

## વિરાટ સદી ચૂક્યો તો અનુષ્કાએ શેર કરી પોસ્ટ

મુંબઈ, તા.૨૪

ધર્મશાલા ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ રમાઈ હતી. જેમ ભારતે ન્યુઝીલેન્ડને ચાર વિકિટે હરાવ્યું હતું. ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરીને ભારતને ૨૭૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતની જીતમાં સૌથી વધુ રનનું યોગદાન કોહલીએ આપ્યું હતું. વિરાટ કોહલીએ ૧૦૪ બોલમાં ૯૫ રણની શાનદાર ઈનિંગ રમી હતી. ન્યુઝીલેન્ડ સામેની આ જીત ઉજવણીનું સૌથી મોટું કારણ હતી, પરંતુ કોહલી સદી ચૂકી જતાં ફેન્સ નિરાશ થયા હતા. ત્યારે અનુષ્કા શર્માએ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પોસ્ટ કરી હતી.

# દ્વારકા ખાતે દશેરા પર્વે શ્રી ગાપાલજીની પાલખીયાત્રા નીકળી : ગાર્ડ ઓફ ઓનર અપાયું




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૪

શ્રીકૃષ્ણની નગરી શ્રી દ્વારીકામાં જ્યારે અખિલ બ્રહમાંડ નાયક શ્રી હરી બિરાજમાન હોય અને એમના દર્શાવેલા માર્ગ પર જો આપણે ચાલીએ તો પછી જીવનમાં કયુ કામ એવું છે જે શક્ય નથી. આ પરંપરા પ્રમાણે જ શ્રી દ્વારકાધીશના બાળ સ્વરૂપ એવા શ્રી ગોપાલજી મહારાજ સમી પૂજન કરવા આજે વિજ્યા દસમી દશેરાના પાવન અવસરે દ્વારકાધીશ મંદિરેથી બેન્ડવાજાની સુરાવલીઓ સાથે નીકળેલ ત્યારે પરંપરાગત રીતે જગતમંદિરના મુખ્ય દ્વાર પાસે પોલીસ જવાનો દ્વારા ગોપાલજીની પાલખીયાત્રાને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવેલ. ત્યારબાદ ગોપાલજીની પાલખીયાત્રા પૂજન સામગ્રી સાથે જગન્નાથ મંદિરે (ખારા હનુમાન) પૂજન કરવા જવા માટે પ્રસ્થાન કરેલ. આ પૂજન વિધિ ભગવાન શ્રી દ્વારકાધીશે સૂચવેલી છે. શાસ્ત્રોકત કથન મુજબ જયારે મહાભારત કાળમાં પાંડવો અજ્ઞાતવાસ માટે જતા હતા ત્યારે અસ્ત્ર-શસ્ત્ર જે શક્તિના પ્રતિકો છે તેને કયાં રાખવા એ સમસ્યા હતી, કારણ કે શકિત મન પડે તેમ ન રાખી શકાય. એટલા માટે શ્રી દ્વારકાધીશજીએ પાંડવોને આજ્ઞા કરી કે આપ સમીના વૃક્ષને આપના અસ્ત્રો-શસ્ત્રો સોંપી દો. જેના કારણે આપની શકિતની વૃધ્ધિ થશે એજ પરંપરા પ્રમાણે આપણે સૌ આપણી શકિત, વ્યાપાર વગેરે સમીને સોંપી તેમને વધારી સશકત કરી ફરી આપણા ઉપયોગમાં લેશું તો પરમકૃપાળુની કૃપાથી આપણે આપણી બધી શકિતઓ વધારે સમૃધ્ધ થશે એવું આપણા મહાભારતનું કથન છે.

વિજયા દશમીના પાવન અવસરે શહેરના વેપારીઓ પણ દર વર્ષની જેમ સમી પૂજનમાં જોડાયા હતા અને પરંપરાગત રીતે દર વર્ષની જેમ પૂજાવિધિ કરીને વેપાર-ધંધાની વૃધ્ધિ માટે પસ્તાનું મેળવેલ.

# પાકિસ્તાન-અફઘાનિસ્તાન મેચમાં ત્રિરંગાનું અપમાન?

નવી દિલ્હી, તા.૨૪ : ભારત દ્વારા આયોજિત ODI વર્લ્ડ કપ ૨૦૨૩માં સોમવારે (૨૩ ઓક્ટોબર) ત્રીજો મોટો અપસેટ જોવા મળ્યો હતો. આ મેચમાં અફઘાનિસ્તાને પાકિસ્તાનને ૮ વિકેટે હરાવ્યું હતું. આ મેચ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાઈ હતી. પરંતુ આ દરમિયાન ભારતીય ત્રિરંગાના અપમાનના સમાચાર પણ સામે આવ્યા હતા. વાસ્તવમાં ઘણા ભારતીય ચાહકો પણ મેચ જોવા આવ્યા હતા. પરંતુ આ દરમિયાન એક પોલીસકર્મી SIએ ભારતીય પ્રશંસકને સ્ટેડિયમની અંદર તિરંગો લઈ જવા દેવાની ના પાડી દીધી હતી. તે એસઆઈએ દર્શક પાસેથી ત્રિરંગો છીનવી લીધો હતો. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આ પછી ભારે હોબાળો થયો હતો. દરમિયાન, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ કે. અન્નામલાઈએ તેની આકરી ટીકા કરી. તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, ’સ્ટેડિયમની બહાર પોલીસે ચાહકોને આજની મેચમાં ભારતીય ધ્વજ લઈ જવાની મંજૂરી આપી ન હતી. તમિલનાડુ ક્રિકેટ એસોસિએશનને આ અધિકાર કોણે આપ્યો? તેણે લખ્યું, અમે અમારા રાષ્ટ્રધ્વજનું અપમાન કરવા બદલ પોલીસ અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરીએ છીએ. ડીએમકેએ ભારતીયોની માફી માંગવી જોઈએ. જો આમ કરવામાં નહીં આવે તો તમિલનાડુ ભાજપ ભ્રષ્ટ ડીએમકે સરકાર સામે વિરોધ કરશે.

# જૂનાગઢના પ્રાચીન મહાલક્ષ્મી મંદિરની ગરબીની બાળાઓને લ્હાણી વિતરણ



જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના પ્રાચીન મહાલક્ષ્મી મંદિરની ગરબીની બાળાઓને યુકે સેવા સમિતિના કિશોરભાઈ વાઢિયાના સહકારથી લ્હાણી વિતરણ કરતા યતીનભાઈ કારીયા, અરવિંદભાઈ સોની અને ભાવેશભાઈ વારીયા તસ્વીરમાં નજરે પડે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતમાં નશોડીઓની સંખ્યા વધી રહી છે શા માટે ?

ભારત સીમાપારથી થઈ રહેલ તસ્કરી અને કોઈપણ પરમાણુ ષડયંત્રને લઈને કડક છે. એક તરફ જ્યાં પાકિસ્તાન સીમા પર પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા ડ્રગ્સ અને હથિયારની તસ્કરી લાંબા સમયથી થઈ રહી છે, જેને ભારતીય સુરક્ષા દળો નિષ્ફળ બનાવવાની સતત કોશિશમાં રહે છે, ત્યાં જ બીજી તરફ નેપાળ, બાંગ્લાદેશ, મ્યાંમારની સીમાઓથી અનેક પ્રકારની વસ્તુઓ અને ઈલેક્ટ્રીક ઉપકરણોની તસ્કરી થાય છે. એમાં રેડિયો એક્ટિવ તત્ત્વ (યુરેનિયમ) હોવાની પણ સંભાવના રહે છે. નેપાળ સાથે ખુલ્લી સીમાને કારણે તસ્કરીનો વધુ ખતરો છે. નેપાળથી ગાંજા સહિત અનેક માદક પદાર્થો અને અન્ય વિદેશી સામાનોની તસ્કરી થાય છે. હાલનાં વર્ષોમાં સીમા પારથી રેડિયો એક્ટિવ તત્ત્વોની તસ્કરીનો ખતરો વધી રહ્યો છે. ડ્રોનનો ઉપયોગ વધવાથી માનવ રહિત સુરિક્ષત તસ્કરી આસાન થઈ ગઈ છે. ભારતમાં સીમા પાથી ગાંજો, અફીણ અને ડ્રગ્સ સહિત અનેક રાસાયણિક માદક પદાર્થો અને રેડિયો એક્ટિવ સહિત કેટલીય પ્રકારના ઈલેક્ટ્રોનિક ઉપકરણોની તસ્કરી દેશ અને વિદેશના માફિયા તસ્કર નેટવર્કથી કરવામાં આવે છે, તેનાથી ભારત અનેક પ્રકારે પ્રભાવિત છે. ભારતમાં નશેડીઓની સંખ્યા સતત વધી રહી છે. ડ્રગ્સને યુવાઓ અપરાધમાં જવા પાછળનું એક કારણ પણ ગણાય છે. તેની સાથે જ ઈલેક્ટ્રોનિક ઉપકરણોની તસ્કરીથી સરકારને રાજસ્વનું નુક્સાન થઈ રહ્યું છે અને ઘરેલુ ઉદ્યોગને નુક્સાન પહોંચાડી રહ્યું છે.

ભારત સરકાર રેડિયોધર્મી સામગ્રીની તસ્કરીને રોકવા માટે પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાંમાર અને નેપાળની સીમા પર વિકિરણ તપાસ ઉપકરણ (આરડીઈ) લગાવવાની તૈયારી કરી રહ્યું છે. અસલમાં રેડિયોધર્મી સામગ્રીનો ઉપયોગ પરમાણુ યંત્ર બનાવવામાં કરી શકાય છે. ચીન અને પાકિસ્તાન રૂપે બે પડોશી દેશ અને પાકસ્થિત આતંકી જૂથો ભારતને નુક્સાન પહોંચાડવાની વેતરણમાં રહે છે, તેઓ ભારત વિરુદ્‌ધ પરમાણુ ષડયંત્ર કરી શકે છે, તેથી ભારતનું સતર્ક રહેવું જરૂરી છે. ભારત પોતાની તમામ સીમાઓ પર સુરક્ષાને અત્યધિક મજબૂત રાખે છે, ત્યાં કેટલાય લેયર પર સુરક્ષા વ્યવસ્થા છે. સૈન્ય દળની સાથે હાઈટેકનો પણ ઉપયોગ કરી રહ્યું છે. તેમાં લેસર ફેન્સિંગથી લઈને ડ્રોનરોધી ઉપકરણ અને ઉચ્ચ ક્ષમતાવાળા રડાર સુદ્‌ધાં સામેલ છે. સરકાર વિકિરણ તપાસ ઉપકરણને એકીકૃત તપાસ ચોકી અને ભૂમિ પારગમન સ્થળ પર લગાવશે. તે અટારી, પેટ્રાપોલ, અગરતલા, ડાવકી અને સુતારકાંડી (બાંગ્લાદેશી સીમા પર), રક્સોલ અને જોગબની (નેપાલ) એ મોરેહ (મ્યાંમાર સીમા) પર લગાવવામાં આવશે. સરકારે વિકિરણ તપાસ ઉપકરણોનો પૂરવઠો, સ્થાપના અને સારસંભાળ માટે કાર્ય આદેશ ગયા વર્ષે એક સમજૂતીના માધ્યમથી આપ્યા હતા અને સંબંધિત વિક્રેતા જલ્દી તે પૂરાં પાડશે અને તેને લગાવવાનું કામ પૂરું થશે. કેન્દ્રએ આરડીઈ સ્થાપિત કરવાની પહેલ એટલા માટે કરી છે, જેથી આંતરરાષ્ટ્રીય સીમાઓથી રેડિયોધર્મી સામગ્રીઓની તસ્કરી પર રોક લગાવી શકાય. તેની તસ્કરી ભારતની સુરક્ષા એજન્સીઓ માટે એક પડકાર બની શકે છે, કારણ કે તેનો ઉપયોગ પરમાણુ ઉપકરણ કે રેડિયોલોજિકલ પ્રસાર ઉપકરણ બનાવવા માટે કરી શકાય છે. શંકાસ્પદ વસ્તુ જણાય તે સ્થિતિમાં આરડીઈ ગામા અને ન્યૂટ્રોન વિકિરણ એલાર્મ સિસ્ટમ અને વિડિયો ફ્રેમ તૈયાર કરવાથી સુસજ્જ છે. વિકિરણ તપાસ ઉપકરણ લગાવવાથી સીમા પારની પરમાણુ ષડયંત્રોને નિષ્ફળ બનાવી શકાશે.

# ભારતે નેપાળમાં ૯૫,૦૦૦ ટન નોન-બાસમતી ચોખાની નિકાસને આપી મંજૂરી



(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૨૪

ભારત સરકારે નેપાળમાં ૯૫,૦૦૦ ટન નોન-બાસમતી સફેદ ચોખાની નિકાસ કરવાની મંજૂરી આપી છે, જે જુલાઈમાં લાદવામાં આવેલા નિકાસ પ્રતિબંધોને આંશિક રીતે હળવા કરે છે. ભારતના ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડે બુધવારે આ અંગેની સૂચના જાહેર કરી હતી. કેમેરૂન, કોટે ડી'આવિયર, ગિની, મલેશિયા, ફિલિપાઈન્સ અને સેશેલ્સ સાથે નેપાળને ક્વોટા વિશેષાધિકારો આપવામાં આવ્યા છે.. નોટિફિકેશન અનુસાર, નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ ઓફ ઈન્ડિયા દ્વારા નિકાસને મંજૂરી આપવામાં આવશે. ભારતે આ સાત દેશોમાં ૧.૦૩ મિલિયન ટન નોન-બાસમતી સફેદ ચોખાની નિકાસને મંજૂરી આપી છે. નેપાળ માટે સૂચિત જથ્થો ૯૫,૦૦૦ ટન, કેમેરૂન (૧૯૦,૦૦૦ ટન), કોટ ડી'આઈવૉર (૧૪૨,૦૦૦ ટન), ગિની (૧૪૨,૦૦૦ ટન), મલેશિયા (૧૭૦,૦૦૦ ટન), ફિલિપાઈન્સ (૨૯૫,૦૦૦ ટન સેચેલેસ અને ૦૮૦૦૦ ટન) છે.. ભારતે પોતાની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને ૨૦ જુલાઈના રોજ નોન-બાસમતી ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ૨૫ ઓગસ્ટના રોજ, નોન-બાસમતી ચોખા પર નિકાસ પ્રતિબંધના એક મહિના પછી, ભારતે ચોખા પર ૨૦ ટકા નિકાસ જકાત લાદી હતી. પ્રતિબંધ બાદ, નેપાળના ઉદ્યોગ, વાણિજ્ય અને પુરવઠા મંત્રાલયે ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં ભારત સરકાર પાસેથી ઔપચારિક રીતે ૧ મિલિયન ટન ડાંગર, ૧૦૦,૦૦૦ ટન ચોખા અને ૫૦,૦૦૦ ટન ખાંડના નિકાસ ક્વોટાની માગ કરી હતી.. ઉદ્યોગ, વાણિજ્ય અને પુરવઠા મંત્રાલયના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, નેપાળમાં ચોખાના નિકાસ ક્વોટા અંગે અમને ભારત તરફથી કોઈ સત્તાવાર માહિતી મળી નથી. અધિકારીએ કહ્યું, "અમારા નવા ડાંગર થોડા અઠવાડિયામાં બજારમાં આવવાનું શરૂ થશે, અમને અત્યારે ચોખાની જરૂર નથી." નેપાળને તેની વસ્તીને ખવડાવવા માટે વાર્ષિક ૪ મિલિયન ટન ચોખાની જરૂર પડે છે, અને આ અછતને ભારતથી આયાત કરવામાં આવે છે. નેપાળ છેલ્લા એક દાયકાથી ભારતમાંથી મોટા પ્રમાણમાં ચોખા અને ડાંગરની આયાત કરે છે. નેપાળ મોટાભાગે ભારતમાંથી આયાતી ખાદ્યપદાર્થો પર નિર્ભર છે.... ૨૦૨૧-૨૨ ભારતીય નાણાકીય વર્ષમાં, જે ૧ એપ્રિલથી શરૂ થાય છે અને ૩૧ માર્ચે સમાપ્ત થાય છે, નેપાળે ભારતમાંથી ૧.૪ મિલિયન ટન ચોખાની આયાત કરી હતી – ૧.૩૮ મિલિયન ટન નોન-બાસમતી અને ૧૯,૦૦૦ ટન બાસમતી ચોખા, રેકોર્ડ પર ભારત સરકારના અહેવાલ મુજબ સૌથી વધુ જથ્થો છે. મૂલ્યના સંદર્ભમાં, ચોખાની આયાત **$473.43** મિલિયન અથવા રૂ. ૬૦ બિલિયનથી થોડી વધુ હતી. ૨૦૨૨-૨૩માં બાસમતી અને નોન-બાસમતી ચોખાની આયાત તીવ્ર ઘટીને ૮૧૨,૦૨૮ ટન થઈ હતી કારણ કે ભારતે નિકાસ અટકાવી હતી. આયાતનું કુલ મૂલ્ય **$283.94** મિલિયન અથવા રૂ. ૩૭.૪૮ અબજ હતું.. ભારતે નિકાસ પ્રતિબંધની જાહેરાત કર્યા બાદ નેપાળમાં ચોખાના ભાવમાં તરત જ વધારો થયો હતો, જોકે વેપારીઓનું કહેવું છે કે ભાવ થોડા અંશે નીચે આવવા લાગ્યા છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે પર્યાપ્ત સ્ટોક હોવા છતાં વેપારીઓએ નિયંત્રણોના નામે ભાવ વધાર્યા હતા. ભારતે ચોખા પર પ્રતિબંધ મૂક્યાના એક સપ્તાહની અંદર નેપાળમાં તમામ પ્રકારના ચોખાના ભાવમાં ૨૦ કિલો અથવા ૨૫ કિલોની થેલી દીઠ રૂ. ૨૦૦ થી ૨૫૦ રૂપિયાનો વધારો થયો છે. મીડિયાના અહેવાલો અનુસાર, દક્ષિણ પાડોશીએ મુખ્ય અનાજની નિકાસ પર પ્રતિબંધ લાદ્યા પછી ભારતથી નેપાળમાં ચોખાની દાણચોરી ચિંતાજનક સ્તરે વધી ગઈ છે.. અહેવાલો અનુસાર, ભારતના ઉત્તર પ્રદેશ રાજ્યના એક નગર મહારાજગંજમાં ભારત-નેપાળ સરહદ નજીકના ગ્રામવાસીઓ મોટાભાગે નેપાળમાં ચોખાની દાણચોરીમાં સામેલ છે. યુવાન બેરોજગાર પુરૂષો, સ્ત્રીઓ અને કેટલીકવાર વૃદ્ધો પણ સ્થાનિક દાણચોરો માટે વાહક તરીકે કામ કરે છે, સરહદ પારના વેરહાઉસમાં ચોખા પહોંચાડે છે. અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે નેપાળના વેપારીઓ દ્વારા સ્થાપિત વેરહાઉસમાં એક ક્વિન્ટલ ચોખા પહોંચાડવા માટે દાણચોરોને **IR300** સુધી ચૂકવવામાં આવે છે. તેમાંથી મોટાભાગના શક્ય તેટલા પૈસા કમાવવા માટે દિવસમાં એકથી વધુ પ્રવાસો કરે છે.. છેલ્લા ચાર મહિનામાં ૧૧૧ ટનથી વધુ ચોખા જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે લક્ષ્મીનગર, થૂથીબારી, નિચલાઉલ, પારસા મલિક, બરગડવા, ભગવાનપુર, શ્યામ કટ, ફરેનિયા, હરદી ડાલી અને ખાનુવા એવા કેટલાક ગામો છે જ્યાંથી પ્રતિબંધિત ચોખા સાથે નેપાળ જવાનું ખૂબ જ સરળ છે.

## ઉદ્યોગપતિ હિરાનંદાનીએ કર્યો ચોંકાવનારો ખુલાસો

# TMC સાંસદ મહુઆ મોઈત્રાની મુશ્કેલી વધી

નવી દિલ્હી, તા.૨૪



**TMC** સાંસદ મહુઆ મોઈત્રા દ્વારા લાંચ લઈને સંસદમાં પ્રશ્નો પૂછવાના મામલામાં હવે નવો વળાંક આવ્યો છે. ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાનીએ પોતે એક એફિડેવિટમાં સ્વીકાર્યું કે આરોપો એકદમ સાચા છે, અને મહુઆ મોઈત્રાએ જ પોતાના સંસદ એકાઉન્ટમાં લોગ ઈન અને પાસવર્ડ શેર કર્યા હતા. એક એફિડેવિટમાં, દર્શન હિરાનંદાનીએ કહ્યું કે તેણે (દર્શન હિરાનંદાની) સંસદમાં પૂછેલા પ્રશ્નો મહુઆના એકાઉન્ટ પર સંસદની વેબસાઈટ પર અપલોડ કર્યા હતા. હિરાનંદાની એફિડેવિટ મુજબ, મેં અદાણી ગ્રુપને ટાર્ગેટ કરવા માટે પ્રશ્નો મોકલ્યા હતા અને અપ્રમાણિત માહિતીના આધારે, હું મહુઆના સંસદ એકાઉન્ટ પર પ્રશ્નો પોસ્ટ કરતો રહ્યો. હિરાનંદાનીએ એ પણ કબૂલાત કરી હતી કે મહુઆ મોઈત્રા રાજકારણમાં ઝડપથી પ્રગતિ કરવાના ઈરાદાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટાર્ગેટ કરવા માગતી હતી અને તેથી જ તેણે અદાણી પર નિશાન સાધ્યું હતું. હિરાનંદાનીના જણાવ્યા અનુસાર, મહુઆ પીએમ-અદાણીને નિશાન બનાવવા માટે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના સતત સંપર્કમાં હતા. હિરાનંદાની ગ્રુપના સીઈઓ દર્શન હિરાનંદાનીએ દાવો કર્યો હતો કે સુચેતા દલાલ, શાર્દુલ શ્રોફ અને પલ્લવી શ્રોફ આ કામમાં મહુઆ મોઈત્રાને મદદ કરી રહ્યા હતા. આ સિવાય કોંગ્રેસના નેતા શશિ થરૂર અને પિનાકી મિશ્રાએ પણ મહુઆની મદદ કરી હતી. દર્શન હિરાનંદાની અનુસાર, મહુઆએ આ કામમાં વિદેશી પત્રકારોની મદદ પણ લીધી જેઓ **FT, NYT** અને **BBC** સાથે સંકળાયેલા હતા, પરંતુ તેમની સાથે મહુઆ મોઈત્રા ઘણા ભારતીય મીડિયા હાઉસના સંપર્કમાં પણ હતી. દર્શન હિરાનંદાનીએ એફિડેવિટમાં કહ્યું હતું કે, મને આશા હતી કે મહુઆ મોઈત્રાનું સમર્થન કરવાથી મને વિપક્ષ (વિરોધી પક્ષોની સરકાર)માં મદદ મળશે, તેથી હું મહુઆ મોઈત્રાને મોંઘી ભેટ આપતો હતો. હું મહુઆના સરકારી આવાસ પર જતો. તે આવાસનું સમારકામ પણ કરાવ્યું હતું અને મહુઆની ટ્રીપ અને રજાઓનો ખર્ચો પણ હું ઉઠાવતો. ઉલ્લેખનીય છે કે તૃણમૂલ કોંગ્રેસના લોકસભા સાંસદ મહુઆ મોઈત્રા પર સંસદમાં આવા પ્રશ્નો પૂછવા માટે હિરાનંદાની ગ્રુપના સીઈઓ દર્શન હિરાનંદાની પાસેથી લાંચ લેવાનો આરોપ છે, હિરાનંદાનીએ કબૂલાત કરી હતી કે મહુઆ રાજકારણમાં ઝડપથી પ્રગતિ કરવાના ઈરાદાથી મોદીને ટાર્ગેટ કરવા માગતી હતી જેનાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને હિરાનંદાની ગ્રુપના બિઝનેસ હરીફ અદાણી ગ્રુપની છબી ખરાબ થાય છે. ભારતીય જનતા પાર્ટીના સાંસદ નિશિકાંત દુબેએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને મહુઆ મોઈત્રાને સંસદની સદસ્યતામાંથી સસ્પેન્ડ કરવાની અને તેમની વિરુદ્ધ તપાસની માંગણી કરી હતી.

# ગુજરાત દિપોત્સવી અંક-૨૦૭૯નું વિમોચન કરતાં મુખ્યમંત્રી

ગાંધીનગર તા. ૨૪

પ્રતિ વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ માહિતી ખાતા દ્વારા ગુજરાત દિપોત્સવી અંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. પ્રતિ વર્ષે સાહિત્યકારો અને વાંચકોમાં ગુજરાત દિપોત્સવી અંકની પ્રતીક્ષા રહે છે.માહિતી નિયામક ડી.કે.પારેખે મુખ્યમંત્રીને ગુજરત દિપોત્સવી અંક વિશે વિગતો આપતા જણાવ્યું હતું કે, દિપોત્સવી અંક-૨૦૭૯માં સર્વશ્રી ગુણવંત શાહ, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, કુમારપાળ દેસાઈ, યશવંતભાઈ મહેતા, અજય ઉમટ, કૃષ્ણકાંત ઉનડકટ, ડૉ.દિનકર જોશી, ડૉ.ચંદ્રકાંત મહેતા, મધુરાય જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સર્જકોની કલમે થયેલા સર્જનને સંકલિત કરીને પ્રસ્તુત કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, આ દિપોત્સવી અંક-૨૦૭૯માં ૩૧-અભ્યાસલેખો, ૩૬-નવલિકાઓ, ૧૯-વિનોદિકાઓ, ૧૧-નાટિકાઓ અને ૧૦૨-કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. દિપોત્સવી અંક ૫૯ જેટલી તસવીરો અને ચિત્રોથી નયનરમ્ય અને આકર્ષક બન્યો હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

તમારો આહાર જ તમારી ઔષધિ છે.

- શ્રી રામશર્મા આચાર્ય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૧૦ દશેરા, વિજયાદશમી, આયુધપૂજા, શ્રી માધવાચાર્ય જયંતિ, પંચક તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૮, ધનિષ્ઠા નક્ષત્ર, ગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૩, સૂ.અ.૬:૧૮

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ:આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.
મિથુન:શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કર્ક: કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
સિંહ: મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
કન્યા: મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.
તુલા: મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
વૃશ્ચિક:વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
ધન: ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
મકર: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કુંભ: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.
મીન: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૨૪-૧૦-૨૦૨૩ થી ૨૯-૧૦-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઇ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહેશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુકશાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમા વિશેષ

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારિક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

# હાહાકાર : ગુજરાતમાં અચાનક હૃદય બંધ પડી જવાથી છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ વર્ષના સગીર, ૧૩ વર્ષના છોકરા સહિત ૧૦ વ્યક્તિઓ ઢળી પડી



અમદાવાદ, તા.૨૪

છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ગુજરાતમાં અચાનક હૃદય બંધ પડી જવાથી છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ વર્ષના સગીર, ૧૩ વર્ષના છોકરા સહિત કુલ નવ વ્યક્તિઓ ઢળી પડી હતી. દિવસે ને દિવસે હાર્ટ-એટેકના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. નવરાત્રિ દરમ્યાન ગરબા રમતાં રમતાં ત્રણ લોકોને હાર્ટ-એટેક આવતાં તેમનાં મોત નીપજ્યાં હતાં. રાજકોટમાં મહિલાનું પણ હાર્ટ એટેકથી મોત થયું હતું. કંચનબેન નામક મહિલા ગરબાના ગીતો ગાઈ રહ્યા હતા ત્યારે અચાનક તેમને હૃદયમાં દુઃખાવો થયો હતો અને તેમનું મોત નિપજ્યું હતું.

અમદાવાદનો ૨૪ વર્ષીય યુવક ૨ કલાકમાં ગરબા રમીને આવું છું, કહીને ઘરેથી ગયો હતો. જ્યાં તેને ચાલુ ગરબામાં હાર્ટ-એટેક આવતાં ઢળી પડ્યો હતો. તો કપડવંજમાં ૧૭ વર્ષીય સગીરને પણ ગરબા રમતી વેળાએ હાર્ટએટેક આવતાં મોત નીપજ્યું હતું. ઉપરાંત વડોદરામાં બે દિવસથી ગરબા રમતા ૧૩ વર્ષના કિશોરનું હૃદય બંધ પડી જતા મોત નીપજ્યું છે તેમજ વડોદરામાં જ એક સોસાયટીમાં આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ગરબા રમી રહેલા ૫૫ વર્ષીય આધેડના મોતથી ચકચાર મચી ગઈ હતી. આ સાથે રાજકોટમાં વધુ બે વ્યક્તિનાં હાર્ટએટેકથી મોત થયાંના સમાચાર સામે આવ્યા છે, જેમાં મધ્યસ્થ જેલમાં ચાલુ ફરજ દરમ્યાન એટેક આવતાં કર્મચારી મોતને ભેટ્યો હતો, રૈયા રોડ પર રહેતા બિલ્ડરનું બેભાન થયા બાદ મોત નીપજ્યું હતું. આ સાથે જ દ્વારકામાં પણ બે વ્યક્તિનાં હાર્ટ-એટેકથી મોત થયાનું જાણવા મળ્યું છે. નવરાત્રિના માહોલ વચ્ચે હાર્ટ-એટેકના ૯ કેસ સામે આવતાં ખેલૈયામાં ડરનો માહોલ છવાયો છે. વડોદરાના ડભોઈમાં ૧૩ વર્ષના કિશોરનું હાર્ટ-એટેકથી મોત થયું છે. આયુષ સોસાયટીમાં રહેતા વૈભવ સોનીનું ઊલટી થયા બાદ એકાએક હાર્ટ બંધ થઈ ગયું હતું. મૃતક કિશોર ધોરણ ૬માં અભ્યાસ કરતો હતો. વહાલસોયાના મોતથી પરિવાર માથે આભ ફાટી પડ્યું છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, માંજલપુર સોમનાથ નગરમાં રહેતો ૩૫ વર્ષનો જગદીશ રમેશભાઈ પવાર રિક્ષા ડ્રાઈવિંગ કરતો હતો. તે ઘરેથી રિક્ષા લઈને નીકળ્યો હતો. ત્યારે રસ્તામાં અચાનક તે ઢળી પડતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ, સારવાર મળે એ પહેલાં જ તેનું મોત થયું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં એવી વિગતો પ્રકાશમાં આવી હતી કે રિક્ષાચાલકને એટેક આવ્યો હતો. જોકે મોતનું સાચું કારણ જાણવા માટે ડોકટરે વિશેષ તપાસ માટે મોકલી આપ્યા છે. અમદાવાદના નારોલમાં રહેતો ૨૮ વર્ષીય યુવક રવિ પંચાલ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. રવિના પરિવારમાં તેની માતા જ હતી. રવિના આધારે જ ઘરનું ગુજરાન ચાલતું હતું. માતાનો એકનો એક સહારો હતો. ‘હું ગરબા રમવા જઉં છું, ૨ કલાકમાં પરત આવીશ’ કહીને ઘરેથી નીકળ્યો હતો. તે તેના ૭-૮ મિત્ર સાથે હાથીજણના વૃંદાવન પાર્ટી પ્લોટમાં ગરબા રમવા ગયો હતો, જ્યાં ગરબા રમતાં રમતાં અચાનક જ રવિ પાર્ટીપ્લોટમાં ઢળી પડ્યો હતો. આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને રવિને સારવાર માટે હોસ્પિટલ લઈ જવા ૧૦૮ને પણ ફોન કર્યો હતો, પરંતુ તેનું સ્થળ ઉપર જ મોત થયું હતું. માતાને ૨ કલાકમાં આવવાનું કહીને પરત ના આવનારા દીકરાની માતા રાહ જોઈ રહ્યાં હતાં, પરંતુ માતાને દીકરાના મોતના સમાચાર મળ્યા હતા. એકના એક દીકરાનું મોત થતાં માતાએ દીકરો ગુમાવ્યો છે તથા જીવનભરનો સહારો પણ ગુમાવ્યો છે. મળતી માહિતી મુજબ, રવિને કોઈ બીમારી કે તકલીફ નહોતી. અગાઉ કોરોના પણ થયો નહોતો. રવિએ ગરબા રમતાં રમતાં જ અચાનક છાતીમાં દુખાવાની મિત્રોને જાણ કરી અને ઢળી પડ્યો હતો અને સ્થળ ઉપર જ મોત થયું હતું. રવિના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. અમદાવાદમાં ગરબા રમતા રમતા હાર્ટ-એટેકના કારણે મોત થયા હોવાનો આ પ્રથમ કિસ્સો છે. ખેડા જિલ્લાના કપડવંજમાં રહેતા રિપલ શાહનો ૧૭ વર્ષીય પુત્ર વીર ગતરોજ છઠ્ઠા નોરતે ગરબા રમતો હતો, જેમાં એકાએક હાર્ટ-એટેક આવતાં ચાલુ ગરબાએ ગ્રાઉન્ડ ઉપર ઢળી પડ્યો હતો અને તેના નાકમાંથી લોહી નીકળવા લાગ્યુ હતું. આ જોઈ આસપાસના ખેલૈયાઓ તેમજ ગરબા-આયોજકો દોડી આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબે તપાસ કરી મૃત જાહેર કર્યો હતો. વડોદરા શહેરના હરણી વિસ્તારમાં આવેલા વુડાના મકાનમાં રહેતા ૫૫ વર્ષીય શંકરભાઈ બચુભાઈ રાણા સોસાયટીમાં આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ગરબા રમી રહ્યા હતા. દરમ્યાન એકાએક છાતીમાં દુખાવો થતાં ઢળી પડ્યા હતા. આસપાસના લોકો ઢળી પડેલા શંકરભાઈને હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, પરંતુ તેમને ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યા હતાં. આ બનાવને પગલે સોસાયટી સહિત આસપાસના વિસ્તારોમાં ગમગીની ફેલાઈ ગઈ હતી.

રાજકોટ મધ્યસ્થ જેલમાં ચાલુ ફરજ દરમ્યાન એટેક આવતાં સવાઈસિંહ હાલાજી સોઢાનું મોત નીપજ્યું હતું. મૃતક મૂળ નખત્રાણા પંથકના વતની અને બોર્ડર વિંગ બટાલિયન ૨માં સી-કંપનીમાં ફરજ બજાવતા હતા. સવાઈસિંહ હાલાજી સોઢાના અણધાર્યા મોતથી પરિવાર તેમજ સાથી કર્મચારીઓમાં શોકનું મોજું ફરી વળ્યું છે. રાજકોટમાં ૨૪ કલાકમાં ૨ લોકોના હાર્ટ એટેકથી મોત નીપજ્યા છે. શહેરના રૈયા રોડ ઉપર આવેલા અમૃતા પાર્ક સોસાયટીમાં રહેતા બિલ્ડર જયેશ ઝાલાવડિયા (ઉં.વ. ૪૪)ને તેમના નિવાસસ્થાને સવારે ૭ વાગ્યાની આસપાસ હાર્ટ એટેક આવતા બેભાન થઈ ગયા હતા. જેઓને પરિવારે બેભાન અવસ્થામાં હોસ્પિટલ સારવારમાં ખસેડતા ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જયેશભાઈના અણધાર્યા મોતને પગલે પરિજનોમાં શોકનો માહોલ છવાયો છે.

## ડોમિનિકાથી અમેરિકા જવા નીકળેલા મહેસાણા જિલ્લાના ચાર સહિત નવ વ્યક્તિઓના ગુમ થવા મુદ્દે હાઈકોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી



અમદાવાદ, તા.૨૪

ડિસેમ્બર-૨૦૨૨માં ડોમીનીકાથી અમેરિકા જવા નીકળેલા મહેસાણા જિલ્લા ચાર સહિત નવ વ્યકિતઓના ગુમ થવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી જાહેરહિતની રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે કેન્દ્ર સરકારની કામગીરીની ભારે ઝાટકણી કાઢી હતી અને નવેસરથી પ્રગતિ અહેવાલ રજૂ કરવા માટે આદેશ કર્યો હતો. હાઈકોર્ટે કેન્દ્રીય વિદેશ મંત્રાલયને ૯ લાપતા ભારતીયોની ભાળ મેળવવાના અસરકારક પ્રયાસો હાથ ધરી સંભવિત સ્થાનો અથવા તો સ્થળોએ તપાસ કરી પરિણામલક્ષી કામગીરી દર્શાવતો રિપોર્ટ રજૂ કરવા હુકમ કર્યો હતો. કેસની વધુ સુનાવણી ચાર સપ્તાહ બાદ તા.૨૯મી નવેમ્બરના રોજ રાખી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરૂદ્ધ માયીની ખંડપીઠ સમક્ષ આજે કેસની સુનાવણી નીકળતા કેન્દ્રીય વિદેશ બાબતોના મંત્રાલય તરફથી ગુમ થયેલા લોકોની ભાળ મેળવવા માટે લીધેલા પગલાં વિશે પ્રગતિ અહેવાલ રજૂ કરાયો હતો. તેનાથી હાઈકોર્ટે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને કેન્દ્ર સરકારને સીધો સવાલ કર્યો હતો કે, તમે આ ૯ લાપતા નાગરિકોની ભાળ મેળવવા માટે શું કરી રહ્યા છો ? તમે પત્ર વ્યવહાર સિવાય બીજુ કંઈ તમારા રિપોર્ટમાં રજૂ કર્યું નથી. શું તમે અમને વાર્તા કહી રહ્યા છો ? તમે અદાલતની મજાક કરી રહ્યા છો ?? આ રિપોર્ટમાં તમે લાપતા નાગરિકોની ભાળ મેળવવા શું પ્રયાસો કર્યા તે કયાંય ફલિત થતુ નથી. ખુદ તમારા કહેવા પ્રમાણે વિદેશમાં ભારતીય દૂતાવાસની કચેરીઓ તમારા પત્રો કે કોમ્યુનીકેશન્સનો જવાબ કે પ્રતિસાદ આપી રહી નથી. અરજદાર તરફથી પીઆઈએલમાં રજૂઆત કરાઈ હતી કે, મૂળ ભારતીય અને ગુજરાતના વતની આ નવ વ્યકિતઓ ડિસેમ્બર-૨૦૨૨માં ડોમીનીકાથી અમેરિકા જવા નીકળ્યા હતા. તેઓને ડોમીનીકા સરકાર અને એન્ટીગુઆ સરકાર દ્વારા કાયદેસર વીઝા અપાયા હતા. જેના અનુસંધાનમાં તેઓ વિદેશ ગયા હતા. સૌપ્રથમ તેઓ ડોમીનીકા પહોંચ્યા હતા અને ત્યા થોડો સમય રોકાયા બાદ તેઓ એન્ટીગુઆ તરફ ગયા હતા. છેલ્લે ફેબ્રુઆરી૨૦૨૩માં તેમની તેમના કુટુંબીજનો સાથે વાત થઈ હતી, ત્યારબાદથી તેઓ લાપતા બન્યા છે. અરજદાર દ્વારા આ લાપતા નાગરિકો કેરેબીયન દેશો સેન્ટ માર્ટીન, મેરલીનીક, ગૌડેલોપ, ફ્રેન્ચ ગુઈયાના અથવા સેન્ટ બાર્થ્સમાં ફ્રાન્સની ઓવરસીઝ ક્ષેત્રમાં આ નવ લાપતા લોકો હોવાની શકયતા વ્યકત કરાઈ હતી. અરજીમાં વધુમાં રજૂઆત કરાઈ હતી કે, જો કેન્દ્ર સરકાર અસરકારક અને નક્કર કાર્યવાહી કરે તો આ કેસમાં હકારાત્મક પરિણામ મળી શકે તેમ છે. પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે કેન્દ્રના વિદેશ બાબતોના મંત્રાલય પાસેથી ફરીથી યોગ્ય પ્રગતિ અહેવાલ માંગ્યો છે.

## રહીશોને લીઝડીડ કરી આપવા બાબતે ગુજરાત હાઈકોર્ટે ગુજરાત હાઉસિંગ બોર્ડને નોટિસ ઈસ્યુ કરી

અમદાવાદ,તા.૨૪

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બાંધવામાં આવેલા ફ્લેટ ધારકોને લીઝડીડ નહિ કરવામાં મુદ્દે એક એક એપાર્ટમેન્ટનાં રહીશો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવતા પક્ષકારોને નોટિસ કાઢવામાં આવી હતી. આગાઉ આ બાબતે જાહેર હિતની અરજી કોર્ટે નકારી કાઢી હતી પરંતુ રહીશોએ સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન કરી હતી. આ બાબતે એક અખબારી યાદીમાં જણાવાયુ હતુ કે ગુજરાત હાઉસિંગ બોર્ડ આજકાલ ૨૫ વર્ષથી વધુ જુની વસાહતો મા રીડેવલોપમેન્ટ કરાવવા માટે એક રીતે આંધળી દોટ મુકેલ છે જેનાથી આનંદવિહાર,સુર્યા ૩ ફ્લેટના રહીશોએ હાઈકોર્ટ સુધી લડતો આપેલી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ જે કન્વીયન્સ ડીડ બનાવે છે એમા મુદ્દા નંબર ૭ સી મા સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે,એસોસિએશને લીઝડીડ કરાવી લેવી ,પરંતુ હાઉસિંગ બોર્ડ રો હાઉસ અને ટેનામેન્ટ સિવાય કોઈને લીઝડીડ કરી આપતી નથી અને હવે જમીનો ફ્રી હોલ્ડ કરવાની વાતો કરે છે. હાઉસિંગ બોર્ડ રીડેવલોપમેન્ટમા જે પ્રીમિયમ ઉઘરાવે છે તેમા પણ શરતભંગ થાય છે . નાગરિક સેવા સંગઠનના વિનોદભાઈ ચૌહાણે જણાવ્યુ કે,હાઉસિંગ બોર્ડની બનાવેલી વસાહતોની એચ.પી.કોસ્ટ જોશો તો ખબર પડશે કે હાઉસિંગ બોર્ડે જમીન સંપાદન કરી ત્યાર થી લઈ વ્યાજ તથા નફા સાથે દરેક રહીશો પાસેથી રૂપીયા લીધેલા છે એટલે રીડેવલોપમેન્ટ મા જો હાઉસિંગ બોર્ડ પ્રીમિયમ લે તો એમા શરતભંગ થઈ ગણાય ? માટે જો દરેક સોસાયટીઓની લીઝડીડ થઈ જાય તો બિલ્ડર લાવવાનો હક્ક સોસાયટીઓને મળે અને વધુ સારૂ અને ઝડપી રીડેવલોપમેન્ટ થઈ શકે. હજુ ત્રણ દિવસ પહેલા હાઈકોર્ટ લીઝડીડની પીઆઈએલ રદ કરી હતી. નિર્મલ એપાર્ટમેન્ટના કાન્તીભાઈ પટેલ,શમશેર બહાદુરસીંગ, નલીનકુમાર પટેલ, મુકેશભાઈ પટેલ, દીવ્યેશભાઈ પટેલ તથા મુકેશભાઈ શાહે સંયુક્ત રીતે વકીલ અમરીશભાઈ જાની મારફતે સ્પેશિયલ સિવીલ એપ્લિકેશન ( એસ.સી.એ) દાખલ કરી હતી જેને હાઈકોર્ટે સ્વીકારી લીધી છે અને ગુજરાત હાઉસિંગ બોર્ડને નોટીસ પણ ઈસ્યુ કરી દીધી છે.

## “તેજ” ચક્રવાતની ગુજરાત ઉપર અસર નહીં થાય : યમન-ઓમાન તરફ આગળ વધશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત ઉપર ચક્રવાત તેજને લઈને રાહતના સમાચાર સામે આવી રહ્યા છે જેમાં હવમાન વિભાગના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે દક્ષિણ- પશ્ચિમ અરબી સમુદ્રમાંથી ઉદભવતા ચક્રવાત તેજની અસર ગુજરાત ઉપર થશે નહીં. આઈએમડીના જણાવ્યા અનુસાર ગંભીર ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની સંભાવના છે જો કે આ ચક્રવાત યમન-ઓમાનના દરિયાકાંઠા તરફ આગળ વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે કહ્યું હતું કે કેટલીકવાર વાવાઝોડું તેની આગાહી કરેલો રસ્તો અને તીવ્રતા બદલી શકે છે જેવી રીતે બિપરજોય વાવાઝોડાના કિસ્સામાં જોવા મળ્યું હતું જે જૂનમાં અરબી સમુદ્રમાં સર્જાયું હતું અને લેન્ડફોલ કરવા માટે તેની ઝડપ અને દિશા બદલતા પહેલા શરૂઆતમાં ગુજરાતના માંડવી અને પાકિસ્તાનના કરાચી વચ્ચે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચક્રવાત પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ દિશા તરફ આગળ વધશે જેનાથી ગુજરાત ઉપર કોઈ અસર થશે નહીં. રાજયના રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ કહ્યું હતું કે હાલ ચક્રવાત તેજથી કોઈ ખતરો નથી. સમગ્ર રાજયમાં આગામી સાત દિવસ હવામાન સૂકું રહેશે. ખાનગી હવામાન આગાહી કરતી એજન્સીના જણાવ્યા અનુસાર હાલ ચક્રવાત યમન-ઓમાનના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે, જો કે હવામાન વિભાગે પહેલા જ કહ્યું હતું કે ચક્રવાતની અસર મુંબઈમાં વધું થઈ શકે છે જેને પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી ૪૮ કલાકમાં દક્ષિણ પૂર્વ અને તેની નજીકના પૂર્વ મધ્ય અરબી સમુદ્રમાં નીચા દબાણનું ક્ષેત્ર વિકસિત થવાની સંભાવના છે.

## ભારતમાં વૃદ્ધત્વ કટોકટી વધી રહી છે : શા માટે વૃદ્ધ મહિલાઓ વૃદ્ધ પુરૂષો કરતાં વધુ સંવેદનશીલ છે

જેમ જેમ માનવીનું આયુષ્ય વધે છે અને જન્મદર ઘટતો જાય છે તેમ, કોઈપણ રાષ્ટ્રમાં તેની વસ્તીના મોટા પ્રમાણમાં વૃદ્ધાવસ્થા ધરાવતા લોકોમાં વધારો થાય છે. ભારત ટૂંક સમયમાં નિર્ણાયક તબક્કે પહોંચશે જ્યાં વૃદ્ધોનું પ્રમાણ ચરમસીમાએ પહોંચશે, જેનાથી કામ કરતા લોકો ઉપર ભારે તાણ આવશે. સ્ત્રીઓ, જે સામાન્ય રીતે પુરુષો કરતાં વધુ જીવે છે, તેઓ આ સંકટના કેન્દ્રમાં છે. તેમાંનો મોટો હિસ્સો શ્રમબળની બહાર હોવાથી તેમની પાસે બચતનો અભાવ છે. તેઓ પુરૂષોની તુલનામાં સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે વધુ સંવેદનશીલ હોય છે અને ઘણીવાર તેમના વૃદ્ધત્વના વર્ષો દરમ્યાન મૂળભૂત કાર્યો વધુ પડકારરૂપ લાગે છે. તેઓ પુરૂષો કરતા સરકારી યોજનાઓ વિશે પણ ઓછા જાગૃત હોય છે.

- ૨૦૫૦ સુધીમાં વૃદ્ધોની વસ્તીનો હિસ્સો બમણો થઈને ૨૦.૮% થવાનો અંદાજ છે. ઉપરાંત, વૃદ્ધ મહિલાઓ વરિષ્ઠ પુરુષો કરતાં વધી જશે.
- ૬૦ વર્ષથી ઉપરની લગભગ ૩૦% સ્ત્રીઓને એક રોગ છે અને લગભગ ૨૫% બે બિમારીઓથી પીડાય છે.
- ૩૦% વૃદ્ધ મહિલાઓને પથારીમાંથી બહાર નીકળવામાં મુશ્કેલી પડે છે, જ્યારે ૨૫%ને સહાય વિના સ્નાન કરવું અને ખાવામાં મુશ્કેલી પડે છે.
- ૨૫%થી ઓછી વૃદ્ધ મહિલાઓ સરકાર દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે આપવામાં આવતી રાહત યોજનાઓથી વાકેફ છે.

**ચાર્ટ ૧ : ભારતમાં વૃદ્ધો**

૨૦૧૦થી ભારતમાં વરિષ્ઠ નાગરિકો (૬૦+ વયના)ની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જ્યારે ૧૫ વર્ષથી ઓછી વયની વસ્તીમાં ઘટાડો થયો છે. વર્ષ ૨૧૦૦ સુધીમાં, વરિષ્ઠ નાગરિકો ભારતની કુલ વસ્તીના ૩૬% હોવાનો અંદાજ છે.

**ચાર્ટ 2A : પ્રદેશ દ્વારા નિર્ભરતા**

આ વૃદ્ધાવસ્થા ઉપર નિર્ભરતા ગુણોત્તર દર્શાવે છે, જે ૧૫-૫૯ વયમાં દર ૧૦૦ લોકો માટે ૬૦ અને તેથી વધુ વયની વ્યક્તિઓની સંખ્યા દર્શાવે છે. વધેલો ગુણોત્તર પરિવારોમાં કાળજીની નોંધપાત્ર માંગ દર્શાવે છે.

**ચાર્ટ 2B : વૃદ્ધ અને યુવાન**

આ આલેખ એજિંગ ઈન્ડેક્સ રજૂ કરે છે, જે દર ૧૦૦ બાળકો (૧૫ વર્ષથી ઓછી ઉંમરના) માટે વરિષ્ઠોની સંખ્યા (૬૦ વર્ષ અને તેથી વધુ) દર્શાવે છે. વૃદ્ધત્વ સૂચકાંકમાં વધારો પ્રજનન દરમાં ઘટાડો દર્શાવે છે.

**ચાર્ટ ૩ : વૃદ્ધોમાં લિંગ ગુણોત્તર**

ચાર્ટ ૨૦૨૧ અને ૨૦૧૧માં દર ૧,૦૦૦ વૃદ્ધ પુરુષોએ વૃદ્ધ મહિલાઓની સંખ્યા દર્શાવે છે. મોટા ભાગના પ્રદેશોમાં વૃદ્ધ મહિલાઓની સંખ્યા વરિષ્ઠ પુરુષો કરતાં વધુ છે.

**ચાર્ટ ૪ : કાર્યકારી સ્થિતિ**

આ આલેખ લિંગ અને સ્થાન દ્વારા વિભાજિત, વરિષ્ઠ વસ્તીની રોજગાર સ્થિતિ દર્શાવે છે. માત્ર ૨૨% વરિષ્ઠ મહિલાઓ નોકરી કરે છે.

**ચાર્ટ ૫ : રોગનો વ્યાપ**

આ ચાર્ટ વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓમાં દીર્ઘકાલીન બિમારીઓનો વ્યાપ દર્શાવે છે. પુરૂષો કરતાં વૃદ્ધ મહિલાઓમાં આવી આરોગ્યની સ્થિતિ વધુ જોવા મળે છે.

**ચાર્ટ 6A : મૂળભૂત પ્રવૃત્તિઓ (વૃદ્ધ પુરૂષો)ના પડકારો**

આ ચાર્ટ બતાવે છે કે વૃદ્ધ પુરુષો મૂળભૂત પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી અનુભવે છે. પથારીમાંથી બહાર નીકળવું અને શૌચાલયનો ઉપયોગ કરવો એ બે સૌથી મુશ્કેલ પ્રવૃત્તિઓ હતી.

**ચાર્ટ 6B : મૂળભૂત પ્રવૃતિઓ (વૃદ્ધ મહિલાઓ)ના પડકારો**

ચાર્ટ બતાવે છે કે વૃદ્ધ મહિલાઓ મૂળભૂત પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી અનુભવે છે. પુરૂષો કરતાં સ્ત્રીઓનો પ્રમાણમાં વધુ હિસ્સો મુશ્કેલીઓનો સામનો કરે છે.

**ચાર્ટ ૭ : વૃદ્ધોમાં હતાશા**

આ ચાર્ટ વય અને લિંગ દ્વારા વૃદ્ધોમાં ડિપ્રેશનનો વ્યાપ દર્શાવે છે. મોટા વયજૂથની વૃદ્ધ મહિલાઓમાં ડિપ્રેશનની ઘટનાઓ વધુ હતી.

**ચાર્ટ ૮ : સુરક્ષા યોજનાઓનો ઉપયોગ**

આ ચાર્ટ વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ લેનારા વૃદ્ધોનો હિસ્સો દર્શાવે છે. BPL પરિવારોમાં માત્ર ૨૪% વિધવા મહિલાઓ જ IGNWPS^ દ્વારા લાભ મેળવે છે.

**કોષ્ટક ૯ : લાભો પ્રાપ્ત કરવામાં અવરોધો**

કોષ્ટક BPL પરિવારોમાં સામાજિક સુરક્ષા યોજનાઓનો ઉપયોગ કરતા ન હોય તેવા વૃદ્ધોનો હિસ્સો દર્શાવે છે. ૪૭%થી વધુ વૃદ્ધ વિધવાઓ માને છે કે તેઓ IGNWPS★ હેઠળ લાભ મેળવવા માટે પાત્ર નથી.

**ચાર્ટ ૧૦ : રાહતો અંગે જાગૃતિ**

આ ચાર્ટ એવા વૃદ્ધોનો હિસ્સો દર્શાવે છે જેઓ સરકાર દ્વારા આપવામાં આવતી રાહત યોજનાઓથી વાકેફ છે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓમાં રાહતો અંગેની જાગૃતિ ઓછી છે.

### દિવાળીના તહેવાર પહેલાં કર્મચારીઓને ભેટ આપતો સરકારનો મહત્ત્વનો નિર્ણય

## રાજ્યના બોર્ડ-નિગમોના કર્મચારીઓના સાતમા પગાર પંચ મુજબ ભથ્થા વધશે

ગાંધીનગર, તા.૨૪

રાજ્યનાં બોર્ડ-નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકાર દ્વારા દિવાળી પહેલા મહત્વનો નિર્ણય કર્યો છે. હમણા જ રાજ્ય સરકાર દ્વારા ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકાના વધારાની જાહેરાત કરાઈ ત્યારે હવે બોર્ડ-નિગમનાં કર્મચારીઓને સાતમાં પગારપંચ મુજબ કર્મચારીઓને ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. રાજયના બોર્ડ-નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં દિવાળી પહેલા બોર્ડનિગમનાં કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબનાં ભથ્થામાં વધારાનો નિર્ણય કરાયો છે. જેમાં ઘર ભાડુ, મોંઘવારી ભથ્થુ, મેડિકલ તેમજ પરિવહન ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. એટલે કે બોર્ડ-નિગમનાં કર્મચારીઓને સાતમાં પગાર પંચ મુજબનાં ભથ્થા કર્મચારીઓને મળશે. નાણાં વિભાગ દ્વારા શરતોને આધિન બોર્ડ નિગમનાં કર્મચારીઓને લાભ મળશે. તેમજ રાજ્ય સરકારના ખોટ કરતા નિગમનાં કર્મીઓને આ વધારાનો લાભ મળશે નહી તેમ સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. કેન્દ્રીય સાતમાં પગારપંચનો રાજ્ય સરકારની મંજૂરીથી લાભ મેળવતા રાજ્ય સરકાર હસ્તકનાં જાહેર સાહસો-બોર્ડ નિગમોને ઘરભાડું, મોંઘવારી ભથ્થુ, મેડિકલ તેમજ પરિવહન ભથ્થાનો લાભ આપવામાં આવેલ છે. રાજયનાં બોર્ડનિગમનાં કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબનાં ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. ત્યારે આ તમામ સુવિધાઓનો લાભ તેઓને શરતોનો આધીન આપવાનું ઠરાવમાં નક્કી કરવામાં આવ્યું છે. (૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં જાહેર સાહસો-બોર્ડ નિગમોને જેમને નાણાં વિભાગનાં પરામર્શમાં રાજ્ય સરકારની મંજૂરીથી સાતમાં પગારપંચનાં લાભ આપવામાં આવેલ છે. ત્યારે શરતોનો અમલ કરેલ હશે તેવા જાહેર સાહસો-બોર્ડ-નિગમોને આ શરતો લાગુ પડશે. (૨) છઠ્ઠા પગારપંચ અન્વયે જે જાહેર સાહસોમાં ઘરભાડા ભથ્થા, સ્થાનિક વળતર ભથ્થા, તબીબી ભથ્થા તથા પરિવહન ભથ્થાનાં લાભ ગુજરાત મુલકી સેવા નિયમો ૨૦૨૨ ને આધીન આપવામાં આવતા હશે તેવા જાહેર સાહસોને આ ભથ્થા મળવાપાત્ર થશે. (૩) ઠરાવની સૂચનાઓનો અમલ કરવા માટે જે તે બોર્ડ-નિગમો દ્વારા પોતાના કાર્યવાહક મંડળ, બોર્ડ ઓફ ડીરેક્ટર્સની બેઠકમાં જરૂરી ઠરાવ પસાર કરવાનો હેશે. તથા અમલવારીની જાણ નાણાં વિભાગને અચૂક કરવાની રહેશે.

### ઉચ્ચા વ્યાજની લોભામણી લાલચો આપી

# જૂનાગઢની શ્રીજી ક્રેડીટ કો.ઓ. સોસાયટી દ્વારા નિર્દોષ લોકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાના આક્ષેપ સાથે આવેદનપત્ર અપાયું



જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડાની એક યાદી જણાવે છે કે, જૂનાગઢ સહિત વિવિધ જગ્યાઓએ શ્રીજી ક્રેડીટ કો.ઓ. સોસાયટી દ્વારા ઉચ્ચા વ્યાજની લોભામણી જાહેરાતો આપી અને વિશ્વાસઘાત અને છેતરપીડી નિર્દોષ લોકો સાથે કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે જવાબદારો સામે પગલા ભરવાની માંગણી સાથે જીલ્લા કલેકટર મારફત ગુજરાત રાજયના મુખ્યમંત્રીને એક પત્ર પાઠવવામાં આવ્યો છે. આ અંગે વિશેષ વિગત અનુસાર જૂનાગઢ જીલ્લામાં પ્રથમથી જ જાણે નાણાંકીય કૌભાંડ આચરવાનો ઈરાદો હોય તે રીતે જૂનાગઢ જીલ્લાના કેશોદ, વિસાવદર, મેંદરડા વગેરે જીલ્લાના તમામ તાલુકાઓમાં શ્રીજી ક્રેડિટ કો.ઓ. સોસાયટી નામની સંસ્થાઓ ખોલીને મોટાભાગે ભોળા ભાળા એટલે કે નિર્દોષ લોકો કેહવામાં આવે છે તેવામાં ખેડુતો અને નિવૃત કર્મચારીઓ વગેરે શ્રમ વર્ગના લોકોને ઉચ્ચા વ્યાજની લોભામણી લાલચો આપી અનેક નિર્દોષ લોકો પાસેથી બચતના નામે કરોડોની સંખ્યામાં નાણાં એકઠા કરી અને દરેક તાલુકાઓમાંથી તેમની શાખાઓ બંધ કરી દિધેલ. ત્યારબાદ મુદત પુરી થયા પછી વ્યાજ સાથે રકમ મળશે. તેવી આશાએ શ્રીજી ક્રેડિટ કો.ઓ. સોસાયટીના વિવિધ ગ્રાહકોએ ઉઘરાણી શરૂ કરવા ગયા તો કયાય તાલુકાઓમાં તેમની શાખાઓનું અસ્તિત્વ ન હતું. ત્યારે તે ગ્રાહકોને ખબર પડી કે આપણે છેતરાયા છીએ, આપણી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડિ થયેલ છે તે રીતે પોલીસમાં અને તંત્રમાં રજુઆતો શરૂ કરેલ. એકપણ લોકોની રજુઆતને ધ્યાને ન લેવાતા આખરે તેઓએ રાજયના મુખ્યમંત્રીને સંબોધિને જીલ્લા કલેકટર જૂનાગઢ મારફતે, જૂનાગઢ જીલ્લા કોંગ્રેસના મહામંત્રીની આગેવાનીમાં આવેદન પત્ર આપી દિવસ-૧૫ માં ન્યાય નહી મળે તો ગાંધીનગર મુખ્યમંત્રીના કાર્યાલય સુધી પણ રજૂઆત કરવા જઈશુ. તેવી માંગણી કરેલ છે.

આ તકે વિશ્વાસઘાત અને છેતરપિંડિનો ભોગ બનેલા પિડિતોએ મોટી સંખ્યામાં હાજરી આપેલ. સાથોસાથ જૂનાગઢ શહેર કોંગ્રેસના ઓફીસ ઈનચાર્જ મનસુખભાઈ ડોબરીયા, જીલ્લા કોંગ્રેસ અગ્રણી કાંતિભાઈ સોંદરવા વગેરે આગેવાનોએ હાજરી આપી તેમ જીલ્લા કોંગ્રેસના મહામંત્રી વી.ટી.સીડાની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ જીલ્લાના વિચરતી, વિમુક્ત સમુદાયના લોકોના આર્થિક, સામાજિક ઉત્થાન અને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા પરામર્શ કરાયો

## વિચરતી, વિમુક્ત અને અર્ધ વિચરતી સમુદાયના વિકાસ અને કલ્યાણ બોર્ડના સભ્ય શ્રી ભરતભાઈ પટ્ટણીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ



જૂનાગઢ, તા.૨૪

ભારત સરકારના વિચરતી, વિમુક્ત અને અર્ધ વિચરતી સમુદાયના વિકાસ અને કલ્યાણ બોર્ડના સભ્ય ભરતભાઈ પટ્ટણીના અધ્યક્ષસ્થાને જૂનાગઢ જિલ્લાના વિચરતી, વિમુક્ત તથા અર્ધ વિચરતી સમુદાયના આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી. તેમણે આ સમાજના આર્થિક, સામાજિક ઉત્થાન અને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે ઉંડાણપૂર્વક ચર્ચા વિચારણા કરી હતી. આ બેઠકમાં ઉપસ્થિત રહેલ આગેવાનોના પ્રશ્નો સાંભળ્યા હતા અને તેના નિવારણ માટે જરૂરી પરામર્શ કર્યો હતો. કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં ભરતભાઈ પટ્ટણીએ જણાવ્યું કે, વિચરતી, વિમુકત અને અર્ધ વિચરતી સમુદાયના લોકોને કેન્દ્ર રાજ્ય સરકારની આવસ યોજનાઓ લાભ મળી રહે તે માટે અને આ સમાજના ઘરવિહોણા લોકોને પોતાનું ઘરનું ઘર મળી રહે તે માટે સ્થાનિક તંત્ર સાથે સંકલન કરીને ઝડપભેર કામગીરી કરવામાં આવશે. ઉપરાંત રાજ્ય સરકારના ધારા ધોરણો મુજબ વિનામૂલ્યે રહેણાંક પ્લોટ મળી રહે તે માટે પણ જરૂરી કાર્યવાહી હાથ ધરાશે. ઉપરાંત વિચરતી, વિમુકત જાતિનું પ્રમાણપત્ર સરળતાપૂર્વક મળી રહે તે માટે મોટાપાયે કેમ્પનું આયોજન પણ કરવામાં આવશે. આ પ્રમાણપત્ર મેળવવામાં આવતી મુશ્કેલીઓને પણ તંત્ર સાથે સંકલન કરીને દૂર કરવામાં આવશે.

આ બેઠકમાં તેમણે જણાવ્યું કે, વિચરતી, વિમુક્ત જાતિના લોકોને જીવન ધોરણ ઉંચુ આવે અને પંડિત દિન દયાળજીના સિદ્ધાંત મુજબ માનવ ગૌરવ વધે તે દિશામાં પ્રયત્નો હાથ ધરાશે. ઉપરાંત આ સમાજના લોકોમાં શિક્ષણનો વ્યાપ વધારવાની સાથે કૌશલ્ય નિર્માણ ઉપર પણ ભાર આપવામાં આવશે. જેથી રોજગારી પણ મળી રહે. આમ, ભરતભાઈ પટ્ટણીના અધ્યક્ષસ્થાને વિચરતી, વિમુક્ત જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતમાં ૧૨૬૭ વિચરતી, વિમુક્ત જાતિ નોંધાયેલ છે, જેમાં ગુજરાતમાં ૨૮ વિચરતી અને ૧૨ વિમુકત જાતિના લોકો વસવાટ કરે છે. આ બેઠકમાં વિકસતી જાતિના નાયબ નિયામક એ.ટી. ખમળ ઉપરાંત વિચરતી વિમુકત અને અર્થ વિચરતી સમુદાયના જૂનાગઢ જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની જીવનનગર પ્રાચીન ગરબીની અસાધારણ પ્રગતિ : વિજયભાઈ રૂપાણી



અમદાવાદ તા.૨૪

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, રાજકોટના મહિલા મંડળના સંયુકત ઉપક્રમે ૪૩ માં વર્ષે પ્રાચીન ગરબીમાં રાસ-ગરબા નિહાળવા માનવમેદની ઉમટી પડે છે. અસાધારણ પ્રગતિમાં રહીશોની એકતા કારણભૂત છે.

રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દિપ પ્રાગ્ટય, લ્હાણી વિતરણ કરતા જણાવ્યું હતું કે આ વિસ્તારમાં સમિતિ ૪૦ વર્ષથી કાર્યરત છે તે નજરે જોઉં છું. અનેક તકલીફોનો સામનો કર્યો છે. જયંત પંડયના નેતૃત્વના કારણે પ્રગતિએ ચાર-ચાંદ લગાવ્યા છે. અમો પાડોશી પરિવારના નાતે હાજરી આપીએ છીએ. અમારી નૈતિક ફરજ છે. સમિતિના કાર્યક્રમોમાં હાજરી આપવી સૌને ગમે છે.

શહેર ભા.જ.પ. ના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ ભારદ્વાજ, અંજલિબેન રૂપાણી, વંદનાબેન ભારદ્વાજ, કોર્પોરેટર નિરૂભા વાઘેલાએ હાજરી આપી બાળાઓને અભિનંદન આપી લ્હાણી વિતરણ કર્યું હતું. મહિલા મંડળની મહેનત નજરે પડે છે. પ્રાચીન ગરબીનો હાર્દ જાળવી રાખ્યો છે. સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ પરિચય આપી જણાવ્યું કે રહીશોનો વિશ્વાસ કારણભૂત છે. પ્રગતિમાં નાના-મોટા સૌ નો સહકાર મળે છે.

અંજલિબેને વિસ્તારમાં સતત સાતત્ય જાળવી રાખ્યું છે. અનેક સુવિધા મળી છે તેમાં ભા.જ.પ. ના આગેવાનોની લાગણી કાયમ છે.

બાળાઓના વાલીમાં નિરવભાઈ પારેખ, કેતનભાઈ પરમાર, સાગરભાઈ અજાગીયા, પ્રશાંતભાઈ પરમાર, શ્રધ્ધાબેન પંડયા, નીકુબેન પટેલ, નિશીતાબેન વઢવાણા, સંગીતાબેન તળાવીયા, ફાલ્ગુનીબેન પંડયા, અમરીબેન બોરીચા, ધારાબેન પંડયા, હેતલબેન પરમાર, અમીતભાઈ ડાભી, વિજયભાઈ પાઠક વિગેરેની સમિતિ વતી કદર કરવામાં આવી હતી.

ઉપપ્રમુખ મુકેશભાઈ પોપટ, વિનોદરાય ભટ્ટ, અનંતભાઈ ગોહેલ, પાર્થ ગોહેલ, ચાનુભાઈ ઉપાધ્યાય, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, હસુભાઈ મોડેસરા, ડૉ. તેજસ ચોકસી, ડૉ. નિરજ ખંધેડિયા, મડિલા મંડળના સુનિતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, શોભનાબેન ભાણવડિયા, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા, જયોતિબેન પુજારા, અલ્કાબેન પંડયા, ભારતીબેન રાવલ, નેહાબેન મહેતા, જિગીશાબેન રાવલ પ્રાચીન ગરબીમાં વ્યવસ્થા સાથે સફળ બનાવવા જહેમત ઉઠાવે છે.

# ઉના : યુવાનને સીન સપાટો કરવો ભારે પડયો

## હાથમાં લોખંડના મ્યાનવાળી ગુપ્તી સાથે ફોટો પડાવી સોશ્યલ મીડિયામાં મુકતા ધરપકડ કરાઈ

ઉના તા. ૨૪

ગીર ગઢડા તાલુકાના ઉંદરી ગામનો યુવાન રવિ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૧૯) એ હાથમાં લોખંડના મ્યાનવાળી ગુપ્તીનું હથિયાર લઈ ફોટો પડાવી સોશ્યલ મીડિયામાં મુકતા જિલ્લા પોલીસના એસ.ઓ.જી. બ્રાન્ચના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ.બી. જાડેજાના ધ્યાને આવતા તેમના સ્ટાફના એ. એસ.આઈ. સુભાષ ભાઈ ચાવડા, ઈબ્રાહિમશા બનવા, હેડ કોન્સ્ટેબલ સલીમ દોસ્ત મહંમદ, ધર્મેન્દ્ર ગોહિલે ઉંદરી ગામે તળાવ પાસેથી રવિ મકવાણાને પકડી ગીરગઢડા પોલીસ સ્ટેશન લાવી જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. આમ સોશ્યલ મીડિયામાં સીન મારવો ભારે પડયો હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેક ગરબીઓમાં બાળાઓને લ્હાણીનું વિતરણ કરાયું

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવરાત્રીના પવિત્ર પર્વના અંતિમ દિવસો ચાલી રહ્યા છે. ત્યારે નવરાત્રિના પ્રારંભથી જામનગરના સેવાભાવી અગ્રણી મેરામણભાઈ ભાટુ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તથા ભાણવડ અને સલાયા વિસ્તારમાં યોજાતી ગરબીઓમાં પ્રથમ નોરતાથી દરરોજ રૂબરૂ જઈને ગરબી મંડળની તમામ બાળાઓને લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવરાત્રી દરમિયાન આશરે ૨૫,૦૦૦ જેટલી બાળાઓને લ્હાણી આપવામાં આવી છે.

જામનગર કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન તેમજ જામનગર ભાજપના મહામંત્રી મેરામણભાઈ ભાટુ દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ ખંભાળિયા તથા ભાણવડ વિસ્તારમાં યોજાતી તમામ ગરબીમાં લ્હાણી વિતરણ કરવાના ઉમદા આશય સાથે ખંભાળિયા, સલાયા તથા ભાણવડ તાલુકામાં આવેલા ૧૩૨ ગામની આશરે સાડા ચારસો જેટલી ગરબીમાં રમતી કુમારીકાઓને લ્હાણી વિતરણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પ્રથમ દિવસે વાડીનારથી આહિર સિંહણ ગામ, બીજા નોરતે કંડોરણા બજાણાથી કોલવા સુધીના ગામ, ત્રીજા નોરતે કુવાડીયાથી બેહ અને સલાયા સુધીના ગામ, ચોથા નોરતે લાલપરડા કેશોદથી મોવાણ સિધ્ધપુર સુધીના ગામ, પાંચમાં નોરતે ચાંદવડ - ગુંદાથી મોટા કાલાવડ સુધી, છઠ્ઠા નોરતે જસાપરથી રેટા કાલાવડ સુધી સાતમા નોરતે ખંભાળિયા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ રવિવારે આઠમા નોરતે ભાણવડ શહેર વિસ્તારમાં તેમના દ્વારા રૂબરૂ જઈ, અને બાળાઓને લ્હાણી વિતરણ કરી, આશીર્વાદ મેળવ્યા હતા. આમ, આ વિસ્તારના આશરે ૧૩૨ જેટલા ગામોની ૪૩૫ જેટલી ગરબીઓમાં જઈને માતાજીની



આરાધના કરતી આશરે ૨૩,૦૦૦ થી વધુ બાળાઓને રૂબરૂ ભેટ આપી, આ વર્ષે પણ મેરામણભાઈ ભાટુએ સેવાની જ્યોત જલાવી હતી. આ ધાર્મિક સેવા કાર્યમાં મેરામણભાઈ ભાટુ સાથે મારખીભાઈ વસરા, મેરામણભાઈ રાવલીયા, કિરીટભાઈ ખેતિયા, કિરીટસિંહ વાઘેલા, ખીમભાઈ બોદર, પીઠાભાઈ કરમુર, ભીમશીભાઈ, વનરાજસિંહ વાઢેર, ઈન્દ્રજીતસિંહ પરમાર, દેવાયતભાઈ ચાવડા, દેવશીભાઈ ચાવડા, સહિતના આગેવાનો-કાર્યકરો જોડાયા હતા.

### ખંભાળિયામાં નવરાત્રી દરમ્યાન

# સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા હેલ્પલાઈન સ્ટોલ



(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૨૪

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તાર માટે સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ખાસ કરીને મહિલા લક્ષી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. હાલ નવરાત્રીના પર્વમાં મહિલાઓને લગતી વિવિધ બાબતો અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી ખંભાળિયાની રાજ્ય પુરોહિત બોર્ડિંગ ખાતે નગરપાલિકા દ્વારા ચાલી રહેલા વિનામૂલ્યે નવરાત્રિના કાર્યક્રમમાં ખાસ સ્ટોલ ઊભો કરી અને સખી વન સ્ટોપ સેન્ટર, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાયરમેન્ટ વુમેન, મહિલા હેલ્પલાઈન ૧૮૧, પી.બી.એસ.સી., વિગેરે સ્ટાફ દ્વારા વિવિધ યોજનાઓના પ્રચાર-પ્રસાર અર્થે પાલિકાના મહિલા પ્રમુખ રચનાબેન મોટાણી સાથે ખાસ સંકલન કરીને સખી વન સ્ટોપ સેન્ટરના એડમીનીસ્ટ્રેટર પાયલબેન પરમાર દ્વારા બહેનોને વિવિધ બાબતે માહિતગાર કરીને પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે બહેનોનું રજીસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલ અને જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી પ્રફુલભાઈ જાદવ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક્સ લીમીટેડ (SMILe)ની ૩૮મી એનીવર્સરી

## ૩૮મી એનીવર્સરીના અવસરે "Jewels of Shree Maruti"ના ટાઈટલ હેઠળ ૩૮ સ્ટાર ટીમ મેમ્બર્સ અને વિવિધ કેટેગરીના ૩૮ ચેનલ પાર્ટનર્સનું બહુમાન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૪

દેશની નંબર ૧ એક્સ્ચેસ લોજીસ્ટીક્સ કંપની શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક્સ લીમીટેડ(SMILe) નવા લક્ષ્યાંક સાથે આક્રમકપણે એક્સપાન્શન પર ધ્યાન આપી રહી છે. દુરંદેશી ઉધોગ સાહસિક રામભાઈ મોકરીયા(સંસદ સભ્ય અને શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક્સ લીમીટેડના સ્થાપક)એ સને ૧૯૮૫માં કુનેહપૂર્વક પોરબંદર સહિતના પાંચ સેન્ટરથી શ્રી મારૂતી કુરીયર એન્ડ કાર્ગો નામે કંપનીનો પાયો નાંખ્યો હતો. ૩૮મી એનીવર્સરી પ્રસંગે શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક્સ લીમીટેડના મેનેજીંગ ડીરેકટર અજય મોકરીયાએ જણાવ્યું હતું કે, આ દિવસ અમારા માટે સ્પેશિયલ છે કારણ કે અમે ઈન્ડિયામાં સ્થાપિત અને ૩૮ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરનારી એકમાત્ર એક્સપ્રેસ લોજીસ્ટીક કંપની છીએ. એનીવર્સરી નિમિત્તે અમે અમારા કર્મચારીઓ તથા ચેનલ પાર્ટનર્સની કામગીરીને બિરદાવવા માટે "જ્વેલ્સ ઓફ શ્રી મારૂતી"ની પહેલ પણ બે વર્ષ થી શરૂ કરેલ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે "શ્રી મારૂતી" કંપનીના વિકાસમાં ચેનલ પાર્ટનર્સની ભૂમિકાની સરાહના કરે છે. ચેનલ પાર્ટનર્સની સિનિયોરીટી, સમર્પણ અને વિકાસમાં તેમના પ્રદાન જેવા પેરામીટર્સને ધ્યાનમાં રાખતાં મેનેજમેન્ટ એનીવર્સરી પ્રસંગે ભારતના દરેક રાજ્યના વિવિધ કેટેગરીના ૩૮ ચેનલ પાર્ટનર્સનું તેમ જ ૩૮ સમર્પિત ટીમ મેમ્બર્સનું સન્માન કરે છે. ૩૮મી એનીવર્સરીના પ્રસંગે કંપની તેના તમામ ક્લાયન્ટ્સ, વેન્ડર્સ અને બિઝનેસ એસોસીયેટ્સ પ્રત્યે નિષ્ઠાપૂર્વકની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે જેમણે અમને સેવાઓ પૂરી પાડવાની તક આપી છે અને તમામ પ્રકારે સહકાર આપ્યો છે. ભવિષ્યમાં SMILe તેમના કસ્ટમર્સને ગ્લોબલ સ્ટાન્ડર્ડની લોજીસ્ટીક સર્વિસ આપવા પ્રતિબદ્ધ છે. શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક્સ લીમીટેડ(SMILe) વિશ્વસનીયતા ધરાવતી ભારતની ટોચની કુરીયર અને લોજીસ્ટીક્સ કંપની દેશભરમાં ૧૩૫ રીજનલ ઓફિસ અને ૩૭૯૩ ચેનલ પાર્ટનર્સનું વિશાળ નેટવર્ક ધરાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેતાગીરીમાં ભારત વિશ્વની આર્થિક મહાસત્તા બનવા જઈ રહ્યું છે ત્યારે ઈન્ડિયન લોજીસ્ટીક ઈન્ડસ્ટ્રીનું ભાવિ ઉજ્જવળ છે અને તેમાં વિશ્વકક્ષાનો બદલાવ અને વિકાસ દેખાઈ રહ્યો છે. શ્રી મારૂતીની સર્વિસ હવે માત્ર "કુરીયર સર્વિસ" પૂરતી મર્યાદિતના રહેતા ડોમેસ્ટીક કુરીયર સર્વિસની પ્રોડક્ટસ ઉપરાંત ગ્લોબલ રીક્વાયરમેન્ટના ફ્યુચર વિઝનને ધ્યાને લઈને Ecom, 3PL, APL, વેરહાઉસીંગ, Hyper Local જેવી વર્તમાન જરૂરીયાત મુજબ સંખ્યાબંધ સર્વિસીઝ એડ કરી છે. લોજીસ્ટીક ક્ષેત્રે અગ્રગણ્ય હોવાના લક્ષ્ય સાથે શ્રી મારૂતી કુરીયર સર્વિસીઝ પ્રા.લી.એ તા.૧-૭-૨૦૨૩ શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક્સ લીમીટેડ(SMILe) નવું નામકરણ ધારણ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પોલીસી અને પ્રોડક્ટ જેવી નવી પ્રોડક્ટ્સને પ્રમોટ કરીને તેમજ ઈનોવેટિવ આઈડિયાઝ તથા અપગ્રેડેડ ટેક્નોલોજી સાથે વર્લ્ડ ક્લાસ લોજીસ્ટીક સોલ્યુશન્સ પૂરા પાડીને શ્રી મારૂતી આગામી પાંચ વર્ષમાં રૂા.૧,૦૦૦ કરોડના ટર્નઓવરનો લક્ષ્યાંક રાખે છે. પોતાના સમર્પણ અને મહેનત બદલ કર્મચારીઓ તથા ચેનલ પાર્ટનર્સને સન્માનિત કરવાની સાથે શ્રી મારૂતી એક ઉત્તમ વર્કપ્લેસ ઊભું કરવાની પરંપરા અને મૂલ્યોને આગળ ધપાવી રહી છે. 'જ્વેલ્સ ઓફ શ્રી મારૂતી' પહેલ હેઠળ કંપની તેના ટીમ મેમ્બર્સ માટે શ્રેષ્ઠતમ HR Practices અને ચેનલ પાર્ટનર માટે Logistic ક્ષેત્રે Infinite possibilities(અમર્યાદિત બિઝનેસની તકો) લાવી રહી છે. કંપનીની સફળતા તેના ટીમ મેમ્બરની કુશળતા, અનુભવ, સમર્પણ ભાવના ઉપર આધાર રાખે છે. વિશ્વ કક્ષાની સર્વિસ આપવા તેમજ તેમાં હંમેશા અગ્રેસર રહેવા લોજિસ્ટિક્સના અધ્યતન ટ્રેન્ડનો અભ્યાસ કરવો દરેક ટીમ મેમ્બર માટે જરૂરી છે અને તે માટે કંપની ૩૮મી એનીવર્સરી નિમિત્તે મોબાઈલ લર્નિંગ એપ "MARUT" લોન્ચ કરી રહી છે જે ભારતભરના તમામ ટીમ મેમ્બરને "Learning Anytime Anywhere" ઉપલબ્ધ કરાવશે. વર્કપ્લેસ અથવા કોઈપણ અન્ય જગ્યાએ ૨૪ કલાક પોતાની અનુકૂળતા મુજબ સ્ટાફ Training અને "Knowledge" મેળવી શકશે. ચેનલ પાર્ટનર સ્ટાફ સહિત ૨૦,૦૦૦ જેટલી સ્ટાફ સ્ટ્રેન્થ ધરાવતી શ્રી મારૂતી હંમેશા કસ્ટમર એમ્પલોઈ સેન્ટ્રીક રહી છે. કંપનીના ઘણા કર્મચારીઓ કંપનીની સ્થાપનાથી આજદીન સુધી ચેનલ પાર્ટનર અને કર્મચારી તરીકે તેમની સાથે છે. ઘણા સભ્યો ગુજરાતમાંથી માઈગ્રેટ થઈને ઈન્ડિયાના મેટ્રો સીટીમાં શ્રી મારૂતી સાથે બિઝનેશમાં સેટ થઈને કંપનીના વિકાસમાં ખુબ જ મોટું કોન્ટ્રીબ્યુશન આપી રહ્યા છે. ઘણા ચેનલ પાર્ટનર નાના લોકેશનમાં હોવા છતાં બિઝનેસની મર્યાદિત તકો વચ્ચે પણ તેમનું શ્રેષ્ઠ યોગદાન આપીને ઘણા વર્ષોથી સતત કંપની સાથે છે. આ રીતે દરેક કર્મચારી અને ચેનલ પાર્ટનર સન્માનના અધિકારી છે. કંપનીની ૩૮મી એનીવર્સરીના સેલિબ્રેશન રૂપે ભારતના વિવિધ સ્ટેટના ૩૮ શ્રેષ્ઠતમ કર્મચારી અને ચેનલ પાર્ટનરને સન્માન સાથે સર્ટીફીકેટ અને ગિફ્ટ વાઉચર્સ આપીને કંપની માટેની તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. કંપનીની ૩૮મી એનીવર્સરીના આ પ્રસંગે કંપનીના કલાયન્ટ, વેન્ડર્સ, હિતેચ્છુઓ તરફથી શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે. કંપની તમામ ટીમ મેમ્બર્સ, ચેનલ પાર્ટનર્સ, ક્લાયન્ટ્સ, વેન્ડર્સ અને બિઝનેસ એસોસીયેટ્સનો આભાર માને છે.

# જૂનાગઢમાં નવરાત્રી શાંતિપુર્ણ સંપન્ન : આજે દશેરા

## શસ્ત્ર પુજા, મીઠાઈ વિતરણ તેમજ રાવણ દહન સહિતના કાર્યક્રમો

જૂનાગઢ તા.૨૪

આસો માસની નવરાત્રીનું પર્વ એટલે શક્તિની આરાધનાનું આ પર્વ છે. ગત તા.૧૫ ઓકટોબરથી જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં નવરાત્રી મહોત્સવની ઉજવણીની પ્રારંભ કરવામાં આવ્યો હતો. નવ દિવસ સુધી માતાજીની આરાધના સાથે નવરાત્રી પર્વ શાંતિપુર્ણ રીતે સંપન્ન થયું છે. અને આ નવ દિવસો દરમ્યાન માતાજીના ગરબાની રમઝટ બોલી હતી. તેમજ પ્રાચીન અર્વાચીન રાસ ગરબા ભાવપુર્વક લેવાયા હતા. નવરાત્રીની ઉજવણી સંપન્ન થયા બાદ આજના દિવસે એટલે વિજયાદશમી(દશેરા)નું પર્વ પણ આનંદપુર્વક ઉજવવામાં આવી રહેલ છે. આસુરી શક્તિ ઉપર દેવીશક્તિના વિજયના આ પર્વે આજે ઠેર ઠેર શસ્ત્ર પુજા, મીઠાઈ વિતરણ અને રાવણદહનના કાર્યક્રમનું પણ આયોજન થયું છે. જૂનાગઢ શહેરમાં નવરાત્રી મહોત્સવ પુર્ણ થયા બાદ આજે દશેરાના દિવસે વિવિધ ગરબી મંડળોમાં ઈનામ વિતરણના કાર્યક્રમો પણ યોજાશે. આ ઉપરાંત દશેરાના દિવસે જૂનાગઢમાં પોલીસ વિભાગ દ્વારા હેડ કવાર્ટર ખાતે શસ્ત્ર પુજાનો કાર્યક્રમ તેમજ રાજપુત ક્ષત્રીય સમાજ તેમજ ક્ષત્રિય સમાજના વિવિધ સંગઠનો દ્વારા પણ શસ્ત્ર પુજન સહિતના કાર્યક્રમો યોજાઈ રહયા છે. તો બીજી તરફ આજે દશેરાના પર્વે મીઠાઈનું પણ ખાસ મહત્વ હોય, જૂનાગઢ શહેરમાં આવેલા ફરસાણની દુકાનો તેમજ મીઠાઈની દુકાનોમાં સવારથી જ ભારે ખરીદીમાં લોકો ઉમટયા છે. ખાસ કરીને ફાફડા ગાંઠીયા, સેવ બુંદી તેમજ મીઠાઈમાં કાજુ કતરી, મોહનથાળ, થાબડી પૈંડા, મોતીચુર, જલેબી, મીઠા સાટા સહિતની મીઠાઈઓની ખરીદી પણ કરવામાં આવી રહી છે. અને સર્વત્ર વિજયાદશમી પર્વ દશેરાની ઉમંગભેર અને ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા જૂનાગઢ શહેર સહીત જીલ્લાભરનાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતનાં તમામ લોકોને દશેરા પર્વની શુભકામના પાઠવવામાં આવી છે.




પોલીસ પરીવાર દ્વારા હેડકવાર્ટર ખાતે દશેરાનાં દિવસે શસ્ત્રપુજાનો કાર્યક્રમ યોજાયો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનાં હસ્તે પૂજનવિધિ કરવામાં આવી હતી. (તસ્વીર : ધર્મેશ ખાચર)

### તહેવારોનો આનંદ લોકો મોજથી લઈ શકે તે માટે

# જૂનાગઢનાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ આગવા અંદાજ સાથે ગોઠવ્યો ચુસ્ત બંદોબસ્ત

### નવરાત્રી, દશેરા, દિપાવલી, બેસતું વર્ષ, ભાઈ બીજ સહિતના તહેવારોને ધ્યાને આગવી વ્યુહરચના : પોલીસ કામગીરીની સરાહના



જૂનાગઢ તા.૨૪

નવરાત્રી મહોત્સવ સહિતના તહેવારોને ધ્યાને લઈ જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જૂનાગઢ શહેર અને જીલ્લામાં આગવા અંદાજ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને તહેવારોની મજા લોકો શાંતિપુર્વક લઈ શકે તે માટેની કાબીલેદાદ કામગીરીને કારણે જૂનાગઢ શહેર અને જીલ્લામાં નવરાત્રી મહોત્સવની શાંતિપુર્ણ રીતે ઉજવણી સંપન્ન થઈ રહી છે. આ ઉપરાંત આજે વિજયાદશમી તહેવારની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. ઉપરાંત દિપાવલી, બેસતુ વર્ષ, ભાઈબીજ સહિતના તહેવારોને ધ્યાને લઈ આગવી વ્યુહરચના સાથે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવી રહેલ છે. નવરાત્રીનું આ પર્વ જૂનાગઢ અને જીલ્લા ભરમાં ખુબ જ શાંતિપુર્વક રીતે ઉજવવામાં આવ્યું હતું. તહેવારો દરમ્યાન શાંતિભર્યો માહોલ બની રહે તેમજ કોઈપણ જાતની અવ્યવસ્થા કે અનિચ્છનીય બનાવ ન બને તે માટેની સંપુર્ણ તકેદારી જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવી હતી. ખાસ કરીને શહેર અને જીલ્લામાં ગેરકાયદેસર રીતે દોડતા અને નિયમોનો ભંગ કરનારા વાહન ચાલકો સામે કડક કાર્યવાહી, નશો કરીને વાહન ચલાવતા તેમજ નશાખોરો સામે કડક પગલા, આડેધડ પાર્કીંગ થતા વાહનો સામે ઝુંબેશ તેમજ તહેવારોના સમયમાં સમયાંતરે ફુટ પેટ્રોલીંગ અને રાઉન્ડ ધી કલોક કાર્યવાહી એટલું જ નહી નવરાત્રી દરમ્યાન દરેક ગરબી મંડળ તેમજ પાર્ટી પ્લોટ તેમજ જાહેર સ્થળોએ પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી અને ગમે તેવી પરિસ્થિતીને પહોંચી વળવા માટેની કુનેહભરી કામગીરીને પગલે તહેવારોનો આનંદ લોકો શાંતિપુર્ણ રીતે લઈ શકયા છે. અને જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ શહેર અને જીલ્લા પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની સરાહના કરવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં દશેરાનાં પાવન તહેવાર અને સંસ્થાનાં ૧૦માં વર્ષમાં પ્રવેશ નિમિતે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજ અને મીઠાઈ, ફરસાણ વિતરણ કરાયું




જૂનાગઢ તા.૨૪

શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જુનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે અનાજ વિતરણ કરવામાં આવે છે. તો તેનાં અનુસંધાને આ વખતે ઓકટોબર મહિનામાં તા.૨૨।૧૦।૨૦૨૩ ને રવિવારનાં રોજ સ્થળઃ- આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જુનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૫ (પંચાવન) કુટુંબોને વિનામુલ્યે ખીચડી, તેલ, ખાંડ, નિમક(મીઠું), ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ચોખાનાં પૌવા, ચણા, ચણાની દાળ, કપડાં ધોવાનો પાવડર, કપડાં ધોવાનો સાબુ, ન્હાવા નો સાબુ, મીકસ મીઠાઈ, ચવાણું, ફરાળી ચેવડો, ભાવનગરી ગાંઠીયા, સાદી સેવ, પારલે બિસ્કીટ, મમરા, વગેરે કુલ ૨૧(એકવીસ) આઈટમ આપવામાં આવેલ હતી.

આ અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ વિતરણ નાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જુનાગઢ નાં ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ નાં ટ્રસ્ટી શ્રી વિજયભાઈ મિશ્રાણી, એન.એસ.પી ગૃપ નાં પ્રમુખ ચંદુભાઈ લોઢીયા, દાતાર સેવક શ્રી બટુકબાપુ, આર્ય વીર દળ - જુનાગઢ નાં પ્રમુખ દિપકભાઈ આર્ય, નિસર્ગ નેચર કલબ - જુનાગઢ નાં પ્રમુખ ડૉ.પાર્થભાઈ ગણાત્રા, જય સરદાર ટ્રસ્ટ - જુનાગઢનાં પ્રમુખ ડૉ.રાજેશભાઈ ભાખર, સમાજ સેવક કિશોરભાઈ આણંદપરા, પ્રતિકભાઈ મિશ્રાણી, હરસુખભાઈ પાલા, મહિલા સામાજીક કાર્યકરો માં પ્રતિભાબેન લોઢીયા, પ્રવિણાબેન વાઘેલા, શિલ્પાબેન ભાખર, નયનાબેન આણંદપરા, ક્રિષ્નાબેન અઢીયા, તરૂબેન ગઢીયા, જયશ્રીબેન ગાલોરીયા, રમીલાબેન ઘુચલા, દેવીબેન દવે, ઈન્દુબેન ખાણદર, કુસુમબેન પરમાર, રોશનીબેન ઘુચલા, વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે તમામ ઉપસ્થિત મહેમાનો એ આ સંસ્થા ની સેવાકીય પ્રવૃતિ ને બિરદાવી હતી.

આ અનાજ, મીઠાઈ અને ફરસાણ વિતરણ નાં પ્રસંગે અલગ અલગ નામી અનામી દાતાશ્રીઓ નો પુરેપુરો સાથ અને સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્યને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલા એ જહેમત ઉઠાવી હતી.

# હવન અષ્ટમીના દિવસે જલારામભકિતધામના ગૃપની બહેનોએ ઝુંપડપટ્ટી ની બાળાઓને જમાડીને લ્હાણી આપી




જૂનાગઢ તા.૨૪

જલારામભકિતધામ ગૃપની બહેનોએ મંદિરની આસપાસની ઝુપડપટ્ટીની બાળાઓને સુંદર ભોજન કરાવ્યું. પ્રથમ દિકરીઓને ચાંદલા કરી સન્માન આપ્યું પછી વારાફરતી દરેક બહેનોએ પોતપોતાના તરફથી અલગ અલગ લ્હાણી (રોકડ ભેટ કવર સહિત)આપી,તેમની પરિક્રમા કરી, પછી ભકિતધામ તરફથી મંદિરના ફોટા વાળી સરસ થેલી આપવામાં આવી. દરેક દિકરી પોતાની લ્હાણી થેલીમાં ભરીને વિદાય થઈ ત્યારે તેના ચહેરા અપૂર્વ આનંદ હતો અને આજના પાવન દિવસે કંઈક કરવા જેવા કામનો સંતોષ બહેના ચહેરા પર જોવા મળતો હતો.

# મધુરમમાં ટ્રકે હડફેટે લેતા વૃદ્ધનું સારવારમાં લઈ જતા રસ્તામાં મોત

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના મધુરમ વિસ્તારમાં ટ્રકે હડફેટે લેતા વૃદ્ધનું રાજકોટ સારવારમાં લઈ જતા રસ્તામાં મોત નિપજ્યું હતું. પોલીસે દેવ ડ્રીલિંગનાં ટ્રક ચાલક વૃદ્ધના મોતનો નોંધાયો ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરી હતી. રવિવારે બપોરનાં અરસામાં વિઠ્ઠલભાઈ ભગવાનજીભાઈ ટાંક ઉ. વ. ૬૦ નામના વૃદ્ધ પોતાના ઈ-બાઈક પર શહેરના મધુરમ ગેટથી વિશ્વકર્મા સોસાયટીની સામેની બાજુ પોતાના ઘરે જતા હતા. ત્યારે તેમને દેવ ડ્રિલિંગનો જીજે-૧૧-બીજે-૦૩૫૬ નંબરના ટ્રકના ચાલકે એપલવુડ મોલ પાસે વિઠ્ઠલભાઈને હડફેટમાં લેતા તેમનું ઈ-બાઈક ટ્રકના આગળના ભાગે ઘૂસી ગયું હતું. વૃદ્ધના બંને પગ પર ટ્રકના તોતીંગ વ્હીલ ફરી વળતા ગંભીર ઈજા પહોંચી હતી.અકસ્માતને પગલે ઘટના સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડયા હતા અને વૃધ્ધને બહાર કાઢી ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં સારવાર ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા જયાં રસ્તામાં તેમનું મોત નિપજયું હતું. અકસ્માત અંગે ઘનશ્યામભાઈ ભુરાભાઈ સોલંકીએ સી ડીવીઝન પોલીસે દેવ ડ્રીલીંગના ટ્રક ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### સરદારપરા આશાપુરા ગરબી મંડળમાં આજે દશેરાની ઉજવણી

જૂનાગઢ તા. ૨૪ : જૂનાગઢનાં સરદારપરા વિસ્તારમાં શેરી નં. ૩માં આવેલ આશાપુરા ગરબી મંડળમાં આજે દશેરા નિમિત્તે ગરબીમાં કોઈપણ પ્રકારની ફી લીધા વિના રમતી બાળાઓને સોનાનો દાણો, બાજોઠ સહિતની વસ્તુઓની લ્હાણી આપીને ઉજવણી કરવામાં આવનાર હોવાનું પ્રમુખ પ્રકાશ ભાદરકાની યાદીમાં જણાવેલ છે.

# અજાબ ગામે ખેતરમાં ચાલવા પ્રશ્ને મારામારી : સામસામી નોંધાઈ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

કેશોદ તા.૨૪

જૂનાગઢ જીલ્લાના કેશોદ તાલુકાના અજાબ ગામે ખેતરમાં ચાલવા પ્રશ્ન બોલાચાલી અને હુમલો થતા સામસામી પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે કેશોદ પોલીસે આપેલી વિગત અનુસાર અજાબ ગામના રસીકલાલ નારણભાઈ અઘેરા(ઉ.વ.૬૨)એ વીપુલભાઈ મનસુખભાઈ અઘેરા, મનસુખભાઈ ડાયાભાઈ અઘેરા, ભરતભાઈ ડાયાભાઈ અઘેરા, વીનોદભાઈ ડાયાભાઈ અઘેરા, જયશ્રીબેન વીનોદભાઈ અઘેરા, રમાબેન મનસુખભાઈ અઘેરા, હરેશભાઈ નાનજીભાઈ અઘેરા, વીજયભાઈ નાનજીભાઈ અઘેરા, સંજયભાઈ નથુભાઈ અઘેરા, વીનોદભાઈ રામજીભાઈ અઘેરા રહે.તમામ અજાબ ગામ તા.કેશોદવાળાઓ વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તથા મનસુખભાઈ ડાયાભાઈ અઘેરાનુ ખેતર બાજુબાજુમાં આવેલ હોય અને આ કામના આરોપીઓ ફરીયાદીના ખેતરમાથી ચાલી પોતાના ખેતરમાં જતા હોય જેથી ફરીયાદી અને આરોપીઓને પોતાના ખેતરમાથી નહી નીકળવા જણાવતા હોય જે બાબતનુ મનદુખ ચાલતુ હોય ત્યારે આ કામના મનસુખ અઘેરા છકડા જેવુ સનેડો વાહન લઈ ફરીયાદી ના ખેતરમાથી નીકળતા ફરીયાદી એ ઈનકાર કરતા આ કામના આરોપી વિપુલભાઈ અઘેરાએ બાકીના તમામ આરોપીઓને બોલાવી ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી ને કહેલ કે અહીથી નીકળવાનો અમારો હક છે તેમ કહી ફરીયાદી તથા સાહેદોની સાથે જગડો કરી ભુંડી ગાળો આપી ઢીકાપાટુથી માર મારી વિપુલભાઈ અઘેરા પોતાના હવાલા વાળુ સનેડો વાહન લઈ નીકળવા જતા સાહેદ પ્રભાબેન તથા વાસુભાઈ સાથે ભટકાતા પ્રભાબેન ને ડાબા પગમાં ઈજા કરી તથા સાહેદ વાસુભાઈ ને ડાબી આંખ નીચે ઈજા કરી તમામ આરોપીઓએ ફરીયાદી ને જાનથી મારી નાખવાની ધમકી આપી ધમકી ગુનો કર્યા અંગેની ફીયાદ પોલીસમાં નોધાવેલ છે જયારે આ બનાવના અનુસંધાને સામાપક્ષે વિપુલભાઈ મનસુખભાઈ અઘેરા(ઉ.વ.૩૯)એ રસીકલાલ નારણભાઈ અઘેરા, પ્રભાબેન રસીકલાલ અઘેરા, વાસુભાઈ મહેન્દ્રભાઈ અઘેરા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ કે, આ કામના આરોપી રસીકલાલ અઘેરાના ખેતરમાંથી પોતાના ખેતરે જવાનો ચાલવાનો હક હોય જેથી ફરીયાદી છકડો રીક્ષા જેવુ સનેડો વાહન લઈ આ કામના આરોપીના ખેતરમાથી નીકળતા આ કામના આરોપીઓ ત્યાં હાજર હોય તેને ફરીયાદી ને રોકાવી કહેલ કે અમારા ખેતરમાથી કેમ નીકળેલ છો તેમ કહેતા આ કામના ફરીયાદી એ અન્ય સાહેદોને બોલાવી આરોપીઓને સમજાવવા જતા આ કામના ત્રણેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદોને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ઢીકાપાટુથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણેય આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યાની અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની ફરીયાદ નોંધી અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવની વધુ તપાસ કેશોદ પોલીસ ચલાવી રહી છે.

## બાંટવામાં જુગાર દરોડો : રૂા.૭૩૯૨૦ના ૪ ઝડપાયા, ૩ નાસી છુટયા

(ક્રાઈમ રીપોર્ટર) જૂનાગઢ તા.૨૪ : બાંટવા પોલીસ ગઈકાલે જગુભાઈ રણમલભાઈ રાવલીયાની વાડીએ જુગાર દરોડો પાડતા વાડી માલીક જગુભાઈ રણમલભાઈ રાવલીયાએ પોતાના અંગત લાભ માટે બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા ૩૧૯૨૦ રોકડ તેમજ ૩ મોબાઈલો અને બાઈકો મળી કુલ ૭૩૯૨૦ના મુદ્દામાલ સાથે ૪ શખ્સ ઝડપી લીધેલ છે જયારે અન્ય ૩ આરોપીઓ નાસી છુટયા હતા. પોલીસ તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

દશેરાની હાર્દિક શુભેચ્છા...
• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત) મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨